# ગિરનાર પર્વત ઉપરના લેખો.

નંબર ૩૮ થી ૬૩ સુધીના ( ૨૩ ) લેખો ગિરનાર પર્વત ઉપર આવેલા ભિન્ન ભિન્ન જૈનમંદિરોમાંના છે. આ બધા લેખો, રીવાઇઝ્ડ લીસ્ટસ્ ઑફ ઍન્ટીકવૅરીઅન રીમેન્સ ઇન્ ધી બૉમ્બે પ્રેસીડન્સી, વૉલ્યુમ, ૮, ( REVISED LISTS OF ANTIQUARIAN REMAINS IN THE BOMBAY PRESIDENCY, Vol., VIII.) માંના પરિશિષ્ટ (APPENDIX.) માં આપેલા છે, ત્યાંથી લેવામાં આવ્યા છે. એ પુસ્તકમાં, આ બધા લેખો મૂલ રૂપે આપી તેની નીચે અંગ્રેજી અનુવાદ પણ આપવામાં આવ્યો છે. પરંતુ અનુવાદ કેટલીક ઠેકાણે તો બહુજ ભૂલ ભરેલો અને વિવેચન વગરનો છે. ડૉ. જેમ્સ બર્જેસ (Dr. James Burgess) ના આર્કિઓ લૉજીકલ સર્વે ઑફ વેસ્ટર્ન ઇન્ડિયા, વોલ્યુમ ૨ (Archœological Survey of Western India. Vol. II) માં પણ થોડાક લેખો આપેલા છે. આદિની વસ્તુપાલની જે ૬ પ્રશસ્તિઓ છે, તે નિર્ણયસાગર પ્રેસ, મુંબઇ,ની प्राचीनलेखमाला–भाग ३, માં પણ મૂલ માત્ર આપેલી છે. ગિરનાર ઈન્સક્રીપ્શનસ નામનું એક જુદું પણ પુસ્તક પ્રકટ થયેલું છે પરંતુ તે મ્હારા જોવામાં આવ્યું નથી. મ્હેં જે આ સંગ્રહમાં લેખો આપ્યા છે તે ઉપર લખેલા બંને પુસ્તકોમાંથી તારવી કાઢી જે ઉપયોગી જણાયા છે તેજ આપ્યા છે. સ્થલ માટે ઉપરોકત પ્રથમ પુસ્તકનોજ આધાર લેવામાં આવ્યો છે.

( ૩૮-૪૩. )

ગિરનાર પર્વત ઉપરના વિદ્યમાન જૈન લેખોમાં નં. ૩૮ થી ૪૩ સુધીના (૬) લેખો મ્હોટા અને મહત્ત્વના છે. આ છએ લેખો, ગુજરાતના પ્રાક્રમી પ્રધાનો અને જૈનધર્મના પ્રભાવક શ્રાવકો વસ્તુપાલ અને તેજપાલ ભ્રાતાઓના છે. આચાર્ય વલ્લભજી હરિદત્ત, આ લેખોનું સ્થાન આ પ્રમાણે જણાવે છે—



Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

" વસ્તુપાલ તેજપાલનાં દેવળો જે કોટના દરવાજામાંથી ગિરિનારજી તરફ જવાના રસ્તામાં જમણી બાજુ ત્રણ હારદોર છે જે પ્રથમ એક સળંગ લાંબા પરથાર ઉપર ખુલ્લા ભાગમાં હતાં પણ હાલ ( લગભગ ૨૦-૨૫ વર્ષથી) જૈનોએ તેને વંડી કરી બંધેચમાં લઇ લીધાં છે. ( કે જેથી યાત્રાળુઓ તેના પરથારનો ઉતારા તરીકે લાભ લેતા, તે બંધ પડયો છે. ) તે ત્રણ દેવળમાંનાં બે પડખાનાં દેવળને ત્રણ ત્રણ બાર છે ( દક્ષિણ બાજુનાને પશ્ચિમ, દક્ષિણ, તથા પૂર્વમાં; તથા ઉત્તર બાજુનાને પશ્ચિમ, ઉત્તર, તથા પૂર્વમાં ) તેની છાડલી ઉપર મ્હોટી ૪।। ફુટ લાંબી, ૦।। ફુટ પ્હોળી અને ૧૩ પંકિતની (કોઇમાં સેહેજ ફેરફાર હશે ) ૬ પાટયો છે તેમાં આ ૬ લેખો છે. "

આ છએ લેખો એકજ પદ્ધત્તિથી રચાયેલા, લખાયેલા અને કોતરાએલા છે. ઐતિહાસિક વર્ણન અને તેટલા ભાગનો શબ્દપાઠ પણ સરખોજ છે. દરેક લેખમાં, પ્રારંભમાં એક પદ્ય, પછી ૭-૮ પંકિત જેટલો ગદ્ય અને પછી અંતે કેટલાક પદ્યો આપેલાં છે. પ્રારંભના પદ્યમાં, તીર્થંકરોની સ્તવના દરેક લેખમાં જુદી જુદી રીતે કરેલી છે. ગદ્યભાગમાં વસ્તુપાલ અને તેજપાલનું ઐતિહાસિક વર્ણન છે. અંતના પદ્યોમાં, વસ્તુપાલ અને તેજપાલની ( મુખ્ય કરીને વસ્તુપાલની ) અનેક પ્રકારે પ્રંશસા કરવામાં આવી છે. આ પ્રશંસાત્મક પદ્યોના કર્ત્તા કવિઓ ભિન્ન ભિન્ન છે અને રચના પણ જુદી જુદી જાતના છંદોમાં કરવામાં આવી છે.

લેખોક્ત વર્ણનનું અવલોકન આ પ્રમાણે છે---

ઉપર લખવામાં આવ્યું છે કે, વસ્તુપાલ તેજપાલના જે ત્રણ મંદિરો ગિરનાર ઉપર એકજ સાથે આવેલાં છે તેમાંના મધ્ય-મંદિરની બંને બાજુએ આવેલાં ૨ મંદિરોને જે ત્રણ ત્રણ દ્વારો છે, તે દરેક દ્વારની છાડલી ઉપર અકેક એમ ૬ લેખો છે. જેમાંનો પ્રથમ ( નં. ૩૮ નો ) લેખ, દક્ષિણ તરફના, એટલે મધ્યના મંદિરની ડાબી બાજુના મંદિરના પશ્ચિમાદ્દા દરવાજાની છાડલી ઉપર છે. લેખની સિલા લંબ ચોરસ છે અને ૧૩ પંકિતમાં આખો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેખ પૂર્ણ કરવામાં આવેલો છે. દરેક પંક્તિમાં સુમારે ૧૨૦ લગભગ અક્ષરો છે. અક્ષરો સુંદર અને સ્પષ્ટ છે. લેખ બિલકુલ શુદ્ધ છે.

પ્રારંભના પદ્યમાં નેમિનાથતીર્થંકરની સ્તુતિ છે. કેટલાક અક્ષરો ઘસાઈ ગયેલા હોવાથી વાંચી શકાતા નથી. પછી ગદ્ય પ્રારંભ થાય છે. મિતિ શ્રીવિક્રમસંવત્ ૧૨૮૮ ના ફાલ્ગુણ શુદિ ૧૦ અને બુધવારની છે. ગદ્યનો અનુવાદ આ પ્રમાણે છે–

અણહિલપુરમાં વસનારા, પ્રાગ્વાટ જ્ઞાતિના ઠ૦ ( ઠક્કુર ) શ્રીચંડપનો પુત્ર ઠ૦ શ્રીચંડપ્રસાદનો પુત્ર ઠ૦ શ્રીસોમનો પુત્ર ઠ૦ શ્રીઆશારાજ તથા તેની સ્ત્રી કુમારદેવીનો પુત્ર મહામાત્ય વસ્તુપાલ થયો કે જે ઠ૦ શ્રીલુણિગ તથા ઠ૦ શ્રી માલદેવનો ન્હાનોભાઇ અને મહં. શ્રી તેજપાલનો મ્હોટોભાઈ હતો. તેને મહં. શ્રી લલિતાદેવીથી મહં. શ્રીજયતસિંહ નામનો પુત્ર થયો જે સં૦ ૭૯ ના વર્ષ પહેલાં સ્તભતીર્થ (ખંભાત) માં મુદ્રાવ્યાપાર ( નાણાનો વ્યાપાર–નાણાવટીનો ધંધો ) કરતો હતો. વસ્તુપાલ, કે જે, ૭૭ ની સાલ પહેલાં, શત્રુંજય અને ગિરનાર આદિ મહાતીર્થોની યાત્રા કરી તથા મ્હોટાં મહોત્સવો કરી શ્રીદેવાધિદેવ ( તીર્થંકર–પરમાત્મા ) ની કૃપાથી " સંઘાધિપતિ " નું પદ પ્રાપ્ત કર્યું હતું. તથા ચૌલુક્યકુલદિનમણિ મહારાજાધિરાજ શ્રીલવણપ્રસાદદેવના પુત્ર મહારાજ શ્રીવીરધવલદેવની પ્રીતિથી જેણે " રાજ્યસર્વૈશ્વર્ય " ( રાજ્યનું સર્વાધિકારત્વ–કારભાર ) પ્રાપ્ત કર્યું હતું. અને જેને સરસ્વતીએ પોતાના પુત્ર તરીકે સ્વીકાર કર્યો હતો (અર્થાત્ જે સરસ્વતીપુત્ર–કવિ કહેવાતો હતો) તેણે, તથા તેના ન્હાના ભાઈ તેજપાલે, કે જે પણ સં. ૭૬ નો સાલ પહેલાં, ગુજરાતના ધવલક્કક (ધોળકા) આદિ નગરોમાં મુદ્રા વ્યાપાર કરતો હતો, એ બંને ભાઇયોએ શત્રુંજય અને અર્બુદાચલ ( આબુ ) પ્રમુખ મહાતીર્થોમાં, તથા અણહિલપુર ( પાટણ ), ભૃગુપુર ( ભરૂચ ), * સ્તંભનકપુર, સ્તંભતીર્થ

* ' સ્તંભનકપુર ' તે ખેડા જીલ્લાના આણંદ તાલુકામાં આવેલા ઉમરેઠ નામના ગામની પાસે આવેલું અને સેઢી નદીના કાંઠે રહેલું જે ' થાંભણા '



Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

( ખંભાત ), દર્ભવતી ( ડભોઈ ) અને ધવલક્કક ( ધોળકા ) આદિ નગરોમાં, તથા અન્ય સમસ્ત સ્થાનોમાં પણ ક્રોડો નવા ધર્મસ્થાનો બનાવ્યાં અને ઘણા જીર્ણોદ્ધાર કર્યા.

તથા, સચિવેશ્વર વસ્તુપાલે, આ ( ગિરનાર ) પર્વત ઉપર પોતે કરાવેલા, શત્રુંજય મહાતીર્થાવતાર શ્રીઆદિતીર્થંકર ઋષભદેવ, સ્તંભનકપુરાવતાર શ્રીપાર્શ્વનાથદેવ, + સત્યપુરાવતાર શ્રીમહાવીરદેવ અને

---

નામનું ગામ છે, તે છે. ‘ થાંભણા ’ એ પ્રાકૃત ‘ થંભણય ’ નુંજ રૂપાન્તર છે. અભયદેવસૂરિએ, એજ ઠેકાણેથી “ जयतिहुअण ” એ આદિ વાક્યવાળું પાર્શ્વનાથ સ્તોત્ર રચી, પલાશના વૃક્ષોની ઘટા નીચે ભૂતલમાં દટાએલી પ્રાર્શ્વનાથની પ્રતિમા પ્રકટ કરી હતી. અને એ ગામના નામથીજ તે મૂર્તિની ‘સ્તંભનક–પાર્શ્વનાથ’ના નામે પ્રસિદ્ધિ થઇ. સ્વયં અભયદેવસૂરિએ પોતાના સ્તોત્રમાં પણ ‘ जिणेस ! पास ! थंभणयपुरट्ठिअ !— (સ્તંભનકપુરસ્થિત હે પાર્શ્વજિનેશ્વર ! ) આવો ઉલ્લેખ કરી તે મૂર્તિને ‘ સ્તંભનક-પાર્શ્વનાથ ’ તરીકે ઓળખાવે છે. કેટલાક વિદ્વાનો ‘ સ્તંભનક ’ અને ‘ સ્તંભતીર્થ ’ બંનેને એકજ (ખંભાત જ) સમજે છે, પરંતુ તે ભૂલ છે. આ ગોટાળો પાછળથી સ્તંભનકપાર્શ્વનાથની મૂર્તિ જ્યારે ‘ સ્તંભનકપુર ’ માંથી લાવી ‘ સ્તંભતીર્થ ’ ( ખંભાત ) માં સ્થાપન કરવામાં આવી, તેના લીધે થયેલો છે. કારણ કે વર્તમાનમાં ‘ સ્તંભનક-પાર્શ્વનાથ ’ ની પ્રતિમા પણ ‘ સ્તંભતીર્થ ’ માં જ વિદ્યમાન હોવાના લીધે તેનેજ ‘ સ્તંભનક ’ સમજવાની ભૂલ ઉભી થઇ છે. મેરૂતુંગસૂરિએ, વિ. સં. ૧૪૧૩ માં ‘स्तंभनाथचरित’ નામનો એક ગ્રંથ બનાવ્યો છે કે જે ફક્ત પાટણના એક ભંડારમાં અપૂર્ણરૂપે વિદ્યમાન છે. તેમાં જણાવ્યું છે કે— सं० १३६८ वर्षे इदं च बिम्बं श्रीस्तंभतीर्थे सामायातम् ( સં. ૧૩૬૮ માં આ –સ્તંભનકપાર્શ્વનાથનું–બિંબ સ્તંભતીર્થ ( ખંભાત ) માં આવ્યું છે. ) આ ઉલ્લેખથી જણાશે કે વસ્તુપાલના સમયમાં તો સ્તંભનકપાર્શ્વનાથ મૂળ સ્થાન ( સ્તંભનકપુર ) માં જ વિરાજમાન હતા અને તેથી એ મહામાત્યે તે ગામમાં મંદિર બનાવ્યું હતું.

+ ‘સત્યપુર’ તે મારવાડમાં, ડીસા પ્રાંતમાં આવેલું હાલનું ‘સાચોર’ ગામ છે, તે છે. સાચોર ડીસા કેંપથી વાયુકોણમાં ૨૦ ગાઉ ઉપર આવેલું છે. ‘ સત્યપુર ’ નું પ્રાકૃતરૂપ ‘સચ્ચઉર’ થાય છે અને તેનુંજ અપભ્રષ્ટ ‘સાચોર છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશસ્તિ સહિત કશ્મીરાવતાર શ્રીસરસ્વતીમૂર્તિ; એમ દેવકુલિકા ૪; ૨ જિન; અંબા, અવલોકન, શાંબ અને પ્રદ્યુમ્ન નામના એ ચાર શિખરોમાં શ્રીનેમિનાથદેવવિભૂષિત દેવકુલિકા ૪; પોતાના પિતામહ ઠ૦ શ્રીસોમ અને પિતા ઠ૦ શ્રીઆશરાજની અશ્વાવરુઢ મૂર્તિઓ ૨; ત્રણ સુંદર તોરણ; શ્રીનેમિનાથદેવ તથા પોતાના પૂર્વજ, અગ્રજ, ( મ્હોટા ભાઈઓ ), અનુજ ( ન્હાના ભાઈ ) અને પુત્ર આદિની મૂર્તિઓ સહિત સુખોદ્ઘાટનક સ્તંભ, અષ્ટાપદ મહાતીર્થ; ઈત્યાદિ અનેક કીર્તનોથી સુશોભિત અને શ્રીનેમિનાથદેવથી અલંકૃત એવા આ ઉજ્જયંત ( ગિરનાર ) મહાતીર્થ ઉપર, પોતાના માટે તથા પોતાની સ્વધર્મચારિણી પ્રાગ્વાટ જ્ઞાતીય ઠ૦ શ્રીકાન્હડ અને તેની સ્ત્રી ઠકકુરાજ્ઞી રાણુની પુત્રી મહં. શ્રી લલિતાદેવીના પુણ્ય માટે, અજિતનાથ આદિ વીસ તીર્થંકરોથી અલંકૃત શ્રીસમ્મેતમહાતીર્થાવતાર નામનો મંડપ સહિત આ અભિનવ પ્રાસાદ બનાવ્યો અને નાગેંદ્રગચ્છના ભટ્ટારક શ્રીમહેંદ્રસૂરિના શિષ્ય, શ્રીશાંતિસૂરિના શિષ્ય, શ્રીઆણંદસૂરિના શિષ્ય, શ્રીઅમરસૂરિના શિષ્ય, ભટ્ટારક શ્રીહરિભદ્રસૂરિના પટ્ટધર આચાર્ય શ્રીવિજયસેનસૂરિએ એની પ્રતિષ્ઠા કરી.

આટલી હકીકત ગદ્યભાગમાં આપ્યા પછી ગુર્જરેશ્વરપુરોહિત ઠ૦ સોમેશ્વરદેવના + રચેલાં ૯ પદ્યો આપેલાં છે. તેમાં વસ્તુપાલને કર્ણ અને બલિ જેવો દાનેશ્વરી તથા અસંખ્ય પૂર્તો * કરાવનારો અને તેજપાલને

---

+ સોમેશ્વરદેવ ચાલુકયોનો કુલ ગુરૂ હતો. તે વસ્તુપાલનો ગાઢમિત્ર હતો. તેણે વસ્તુપાલની કીર્તિને અમર કરવા માટે " कीर्तिकौमुदी " નામનું ઉત્તમકાવ્ય બનાવ્યું છે. सुरथोत्सव, उल्लाघराघव, रामशतक આદિ બીજા પણ તેના કરેલા ગ્રંથો વિદ્વાનોમાં આદર પામેલા છે.

* વાવ, કૂવા, તળાવ, દેવમંદિર, સદાવ્રત અને આરામ વિગેરે બનાવવાં તે પૂર્ત કહેવાય છે.

वापीकूपतडागादिदेवतायतनानि च ।
अन्नप्रदानमारामः पूर्तमित्यभिधीयते ॥

( शब्दचिन्तामणिकोश, पृ० ८४२. )





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિંતામણિ જેવો વર્ણવ્યો છે. આ પદ્યો પછી છેવટે બીજા ત્રણ શ્લોકો છે જેમાં, પહેલામાં લખ્યું છે કે– સ્તંભતીર્થ ( ખંભાત ) નિવાસી કાયસ્થ વાજડના પુત્ર જૈત્રસિંહે, આ પ્રશસ્તિ ( શિલાપટ્ટ ઉપર ) લખી છે. બીજામાં લખ્યું છે—સૂત્રધાર ( સલાટ ) બાહડના પુત્ર કુમારસિંહે, આને ( ટાંકણા વડે ) કોતરી છે. ત્રીજા શ્લોકમાં જણાવ્યું છે કે— ત્રણ જગત્‌ના સ્વામી એવા શ્રીનેમિનાથ અને તેમની શાસનસુરી દેવી અંબિકાના પ્રસાદથી, વસ્તુપાલના વંશને આ પ્રશસ્તિ સ્વસ્તિ કરનારી થાઓ.

એજ ( દક્ષિણ બાજુના ) મંદિરના દક્ષિણાદ્વા દરવાજા ઉપર આ લેખોમાંનો ૬ ઠો ( નં. ૪૩ ) લેખ આવેલો છે. પ્રારંભમાં સંમેત-તીર્થની સ્તુતિવાળું પદ્ય આપ્યું છે. પછી ઉપરના લેખ પ્રમાણેજ ગદ્ય ભાગ છે. અંતના ૯ પદ્યો નાગેંદ્રગચ્છના ભટ્ટારક × ઉદયપ્રભસૂરિના કરેલાં છે અને તેમાં વસ્તુપાલનાં યશ, રૂપ, દાન, અને પુણ્ય વિગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે. છેવટે પ્રશસ્તિ લખનાર અને કોતરનારના વિષયના તેના તેજ ત્રણ શ્લોકો આપેલા છે.

એજ દેવલના પૂર્વ બાજુના દ્વારની છાડલીમાં ૫ મો (નં. ૪૩) લેખ આવેલો છે. પ્રારંભનો શ્લોક ઘણોખરો ઘસાઇ ગયેલો છે. ગદ્ય ભાગ ઉપર પ્રમાણેજ છે. ગદ્ય પછીના ૧૧ પદ્યો મલધારી * નરચંદ્રસૂરિના કરેલાં છે. તેમાં વસ્તુપાલના વિદ્યા, વિત્ત, ન્યાય, પરાક્રમ, દાન, વિવેક, ધર્મ અને કુટુંબનું વર્ણન છે. અંતિમ ત્રણ શ્લોકો તેજ છે.

મુખ્ય–એટલે મધ્યગત–મંદિરની જમણી બાજુએ–અર્થાત્ ઉત્તર તરફ–આવેલા મંદિરના પૂર્વ દ્વાર ઉપર, આ લેખોમાંનો ૪ થો ( ચાલુ નં. ૪૧ વાળો ) લેખ આવેલો છે. પ્રારંભના શ્લોકમાં, અષ્ટાપદતીર્થની

× ઉદયપ્રભસૂરિ વસ્તુપાલના પિતૃપક્ષના ધર્મગુરૂ હતા.

* નરચંદ્રસૂરિ તેના માતૃપક્ષના ધર્મગુરૂ હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તવના કરવામાં આવેલી છે. પછી ઉપરના લેખો પ્રમાણે જ ગદ્યભાગ આપેલો છે. પરંતુ, + સ્તંભતીર્થને વેલાકુલ( બંદર )નું વિશેષણ વધારેલું છે. તેમજ લલિતાદેવીને ઠેકાણે સોખૂકાનું નામ અને સંમેત શિખરના સ્થાને અષ્ટાપદનું નામ આપવામાં આવ્યું છે. ગદ્ય પછી ૧૩ પદ્યો આપેલાં છે, જે મલધારી નરેન્દ્રસૂરિના રચેલાં છે અને તેમાં વસ્તુપાલના, શૌર્ય, ધૈર્ય, દાન, બુદ્ધિ, વિદ્વત્તા, કવિત્વશકિત, કીર્તિ અને યશ આદિ ગુણો વર્ણવ્યા છે. પ્રશસ્તિ લખનાર અને કોતરનાર એના એ.

એજ મંદિરના ઉત્તર દ્વાર ઉપરની શિલામાં ૩ જો ( ચાલુ નં. ૪૦ વાળો ) લેખ કોતરેલો છે. પ્રારંભના શ્લોકમાં, શિવાંગજ નેમિનાથ તીર્થંકરની સ્તુતિ કરેલી છે. આમાં છેલ્લા ૧૬ પદ્યો છે અને તે સોમેશ્વરદેવનાજ કરેલાં છે. તેમાં પણ વસ્તુપાલના પૂર્ત, દાન, પરાક્રમ, યશ, રૂપ અને ઉદારતા આદિ ગુણો વર્ણવ્યા છે. પ્રશસ્તિ લખનાર એનો એ. પણ, જૈત્રસિંહને બદલે જયંતસિંહ નામ–કે જે બંને એકજ છે– વાપર્યું છે. તથા તેના પિતાના નામ ઉપરાંત, પિતામહ, પ્રપિતામહ અને વૃદ્ધપ્રપિતામહનાં, વાલિગ, સહાજિગ, અને આનાક; એ નામ વિશેષ આપ્યાં છે. તેમજ પ્રશસ્તિ કોતરનાર, હરિમંડપ અને નંદીશ્વરનાં મંદિરો કરનાર સોમદેવનો પુત્ર બકુલસ્વામીસુત પુરૂષોત્તમ છે. તથા છેલ્લી પંકિતમાં " મહામાત્ય શ્રીવસ્તુપાલની સ્ત્રી સોખૂકાનું આ ધર્મસ્થાન છે. " એટલું વિશેષ લખ્યું છે.

એજ મંદિરના પશ્ચિમી દ્વાર ઉપર, આ લેખોમાંનો ૨ જો (ચાલુ નં. ૩૯ વાળો ) લેખ આવેલો છે. પ્રારંભનો શ્લોક કિંચિત્ ખંડિત છે

---

+ મૂળ લેખોની નકલો પ્રથમ નિર્ણયસાગર પ્રેસની છપાવેલી પ્રાચીન લેખમાલામાંથી કરવામાં આવી હતી અને પાછળથી તેજ પ્રેસમાં આપી દેવામાં આવેલી હોવાથી આ લેખમાં ' स्तंभतीर्थे ' શબ્દ પછી ' वेलाकुल ' વિશેષણ છૂટી ગયું છે. કારણ કે, તે પ્રાચીનલેખમાલામાં આપેલું નથી. માટે મૂળ લેખમાં આ વિશેષણ વધારીને વાંચવાની સૂચના છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને તેમાં ઉજ્જયંત ( ગિરનાર )ની સ્તવના કરેલી છે. ગદ્યપાઠ ઉપર પ્રમાણે જ. અંતિમ ૭ શ્લોકો નરચંદ્રસૂરિના રચેલા છે. તેમાં વસ્તુપાલના ધર્મ, દાન, લક્ષ્મી, સરસ્વતી, શાંતિ, તેજસ્વિતા, અપ્રતિમતા અને મંત્રિત્વ વિગેરેનું વર્ણન છે. શેષ સમગ્ર ઉપર પ્રમાણેજ છે.

( ૪૪ )

નંબર ૪૪ નો લેખ, ગોમુખના રસ્તાની પશ્ચિમે અને રાજુલ-વેજુલની ગુફાની પૂર્વ બાજુએ શિલાપટ્ટ ઉપર કોતરેલો છે.

પ્રથમ એક શ્લોક આપ્યો છે, તેમાં જણાવ્યું છે કે-ઉજ્જવલ અને કાંતિવાળા હારવડે જેમ કંઠ શોભે છે તેમ દેદીપ્યમાન એવા વસ્તુપાલના કરાવેલા વિહારો ( મંદિરો ) વડે આ ગિરનાર ગિરિરાજનો મધ્ય ભાગ વિરાજમાન્ છે. પછી ગદ્યપાઠ છે, અને તેમાં લખ્યું છે કે-વિક્રમ સં. ૧૨૮૯ ના આશ્વિન વદિ ૧૫ અને સોમવારના દિવસે, મહામાત્ય શ્રીવસ્તુપાલે પોતાના કલ્યાણ માટે, જેની પાછળ કપર્દિ-યક્ષનું મંદિર છે એવું શત્રુંજયાવતાર નામનું આદિનાથ ભગવાનનું મંદિર; તથા તેના અગ્રભાગમાં, વામપક્ષે ( ડાબી બાજુએ ), પોતાની સ્વધર્મચારિણી મહં૦ શ્રીલલિતાદેવીના પુણ્ય માટે, વીસ જિનવરોથી અલંકૃત એવું સંમેતશિખરાવતાર નામનું મંદિર; અને, તેમજ દક્ષિણ ભાગમાં ( જમણી બાજુએ ), પોતાની બીજી પત્ની મહં૦ શ્રીસોખુકાના શ્રેય સારૂ, ચોવીસ તીર્થંકરોથી ભૂષિત એવું અષ્ટાપદાવતાર નામનું મંદિર; આવી રીતે અપૂર્વ ઘાટ અને ઉત્તમ રચનાવાળા ચાર નવીન પ્રાસાદો બનાવ્યા છે.

( ૪૫-૪૬. )

વસ્તુપાલના આ ત્રણ મંદિરોમાંના મધ્ય-મંદિરના મંડપમાં સામસામે બે મ્હોટા ગોખલા છે તેમાં ઉત્તર બાજુના ગોખલાના ઉપરના ભાગમાં નં. ૪૫ નો, અને દક્ષિણ બાજુના ગોખલા ઉપર નં. ૪૬ નો લેખ છે. પહેલામાં ઉલ્લેખ છે કે ' મહામાત્ય શ્રીવસ્તુપાલ અને (?)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહં૦ શ્રીલલિતાદેવીની મૂર્તિ ' અને બીજામાં ' મહામાત્ય શ્રી વસ્તુપાલ અને (?) અને મહં૦ શ્રીસોખુની મૂર્તિ * ' છે.

( ૪૭-૪૮ )

ગિરનારના રસ્તામાં પહાડો ઉપર બે ઠેકાણે આ બંને શ્લોકો ખોદેલા છે અને તે નં. ૪૪ ના લેખના પ્રારંભમાં જે છે, તેજ છે.

* * *

આ લેખો ઉપરથી જણાશે કે, આ બધામાં વસ્તુપાલે ગિરનાર ઉપર જે જે ધર્મસ્થાનો કરાવ્યાં અથવા તેઓમાં જે જે કોતર કામો કરાવ્યાં, તેમનો સંક્ષેપમાં ઉલ્લેખ છે. લેખોક્ત વર્ણન સંક્ષિપ્ત હોવાથી અસ્પષ્ટ અને કેટલાકને પૂરેપૂરૂં નહિ સમજાય તેવું છે. તેથી એ વિષયમાં સ્પષ્ટ કથનની આવશ્યકતા છે. પંડિત જિનહર્ષ ગણિએ પોતાના **वस्तुपाल चरित्र** ના, છઠ્ઠા પ્રસ્તાવમાં, ૬૯૧ ના શ્લોકથી તે ૭૨૯ સુધીના શ્લોકોમાં, વસ્તુપાલે ગિરનાર પર્વત ઉપર શું શું બનાવ્યું તેની સવિસ્તર નોંધ આપી છે અને તે આ લેખોની સાથે પૂરેપૂરી મળતી આવે છે. તેથી એ નોંધનો સાર અત્રે આપવો ઉપયોગી થઈ પડશે.

" ગિરનાર તીર્થપતિ શ્રીનેમિનાથના મંદિરના પાછળના ભાગમાં પોતાના કલ્યાણ માટે શત્રુંજયસ્વામી આદિનાથનો પ્રસાદ બનાવ્યો અને તેનું " વસ્તુપાલ વિહાર " એવું નામ આપ્યું. આના ઉપર સુવર્ણનું દેદિપ્યમાન કલશ સ્થાપન કર્યું અને સુંદર સ્ફટિક સમાન નિર્મલ પાષા-

* આ લેખની મતલબ એવી જણાય છે કે, આ બંને ગોખલાઓમાં વસ્તુપાલે પોતાની પ્રતિમાઓ સ્થાપન કરી હશે અને સાથે એકમાં પોતાની પ્રથમ પત્ની લલિતાદેવીની અને બીજામાં દ્વિતીય પત્ની સોખુકાની મૂર્તિ સ્થાપિત કરાવી હશે. આ ગોખલાઓમાં હાલ તે મૂર્તિઓ નથી પરંતુ આબુ ઉપરના તેજપાલના મંદિરમાં વસ્તુપાલ અને તેની બંને સ્ત્રીઓની મૂર્તિઓ સાથેજ સ્થાપન કરેલી વિદ્યમાન્ છે. આ મૂર્તિઓનું ચિત્ર ' ગાયકવાડસ્ ઓરીઍન્ટલ સીરીઝ ' માં પ્રગટ થયેલા **नरनारायणानन्द** નામના વસ્તુપાલના રચેલ કાવ્યમાં પ્રકટ થયું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ણુની ભગવાન્‌ની ભવ્યમૂર્તિ સ્થાપિત કરી. તે મૂર્તિની આસપાસ પોતાના પૂર્વજોના શ્રેય સારૂ અજિતનાથ અને વાસુપૂજ્ય તીર્થંકરની પ્રતિમાઓ વિરાજમાન કરી. એ મંદિરના મંડપમાં ઠ. ચંડપની મ્હોટી મૂર્તિ તથા અંબિકાદેવી અને મહાવીરજિનનાં બિંબો સ્થાપિત કર્યાં. ગર્ભાગાર ( મૂળ ગભારા ) ના દ્વારની દક્ષિણ અને ઉત્તરની બાજુએ ક્રમથી પોતાની અને પોતાના ન્હાના ભાઇ તેજપાલની અશ્વારુઢ મૂર્તિઓ બનાવી. એ મંદિરની ડાબી બાજુએ પોતાની પ્રથમ પત્ની લલિતા દેવીના પુણ્યાર્થે " સમ્મેતાવતાર " નામનું મંદિર બનાવ્યું અને તેમાં ૨૦ તીર્થંકરોની મૂર્તિઓ સ્થાપિત કરી. એમાં જ પોતાના બીજા પૂર્વજોની પણ મૂર્તિઓ વિરાજિત કરી. પોતાની બીજી સ્ત્રી સોખુકા ( જિનહર્ષગણિએ પોતાના ચરિત્રમાં આનું નામ સંસ્કૃત કરી 'સૌખ્યલતા' એવું આપ્યું છે. )ના શ્રેય માટે, મૂળ મંદિરની જમણી બાજુએ " અષ્ટાપદાવતાર " નામનું મંદિર કરાવ્યું અને તેમાં ચોવીસે તીર્થંકરોનાં બિંબો સ્થાપ્યાં. તથા એમાં જ પોતાની માતા કુમારદેવી અને પોતાની ૭ બહેનો ( જેમનાં નામો, આગળ આબુના લેખોમાં આપવામાં આવેલાં છે. )ની મૂર્તિઓ સ્થાપિત કરી. આ ત્રણે મંદિરોને સુંદર અને વિચિત્ર ત્રણ તોરણો કરાવ્યાં. 'વસ્તુપાલ વિહાર'–અર્થાત્ એ ત્રણે મંદિરોની મધ્ય ાંના મંદિર–ની પાછળ, અનુત્તર વિમાન જેવું કપર્દિયક્ષનું મંદિર બનાવ્યું. તેમાં એ યક્ષની અને આદિનાથ ભગવાનની માતા મરૂદેવી ી ગજારૂઢ ( હાથી ઉપર ચઢેલી ) મૂર્તિ ાવરાજમાન કરી.

તીર્થપતિ નેમિનાથતીર્થંકરનું જે મંદિર છે તેના દક્ષિણ, પાશ્ચિમ અને ઉત્તર એમ ત્રણે દિશાના દ્વારો ઉપર સુંદર તોરણો કરાવ્યાં. એજ ચૈત્યના ( મંડપમાં ? ) દક્ષિણ અને ઉત્તર બાજુએ, પોતાના પિતા અને પિતામહની અશ્વારુઢ મૂર્તિઓ સ્થાપિત કરી. તથા, પોતાના માતા–પિતાના કલ્યાણાર્થે એજ ચૈત્યના મંડપમાં, અજિતનાથ અને શાંતિનાથની કાયોત્સર્ગસ્થ ( ઉભી ) પ્રતિમાઓ બનાવી. એ મંદિરના મંડપમાં સ્નાત્રોત્સવ કરતી વખતે સંકડામણ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થતી હતી તેથી તેના આગળ બીજું " ઇન્દ્ર " નામનું વિશાલ મંડપ બનાવ્યું.

એ મંદિરના અગ્રભાગમાં, પોતાના વંશજોની મૂર્તિઓ સહિત નેમિનાથ તીર્થંકરની મૂર્તિવાળો " મુખોદ્‌ઘાટનક "–( મુખનું ઉદ્‌ઘાટન કરનાર ) નામનો સુંદર અને ઉન્નત સ્તંભ બનાવ્યો. ત્યાંજ ઠ૦ આશારાજ ( પોતાના પિતા ) ના પિતા અને પિતામહનું પણ અશ્વારુઢ મુર્તિયુગ્મ સ્થાપ્યું. વળી, ' પ્રપામઠ ' ( પરબડી ? ) ની પાસે ત્રણ તીર્થંકરોની ત્રણ દેવકુલિકા ( તે આ લેખોમાં જણાવ્યા પ્રમાણે શત્રુંજયાવતાર, સ્તંભનકાવતાર અને સત્યપુરાવતાર નામે ) તથા, પ્રશસ્તિ સહિત સરસ્વતી દેવીની દેવકુલિકા, કે જેમાં પોતાના પૂર્વજોની પણ એ મૂર્તિઓ હતી; એમ ચાર દેવકુલિકાઓ ( દેહરિઓ ) બનાવી. નેમિનાથના મુખ્ય મંદિરના મંડપ ઉપર સુવર્ણકલશો સ્થાપ્યાં. અંબિકાના મંદિર આગળ એક મ્હોટું મંડપ બનાવ્યું તથા એક તીર્થંકરની દેવકુલિકા પણ ત્યાં બનાવી. આરાસણના ઉજ્જવલ આરસ–પાષાણનો અંબિકાદેવીની આસપાસનો પરિકર બનાવ્યો. એ અંબાવાળા શિખર ઉપર ઠ૦ ચંડપના કલ્યાણ માટે નેમિનાથની એક મૂર્તિ તથા એક ખુદ ચંડપની મૂર્તિ અને પોતાના ભાઈ મલ્લદેવની એક મૂર્તિ, એમ ત્રણ મૂર્તિઓ સ્થાપિત કરી. આવીજ રીતે, અવલોકન નામના શિખર ઉપર, ઠ૦ ચંડપ્રસાદના પુણ્ય માટે નેમિજિનની તથા ખુદ ઠ૦ ચંડપ્રસાદની અને પોતાની એમ ત્રણ મૂર્તિઓ સ્થાપી. પ્રદ્યુમ્ન નામના શિખરે પણ ઠ૦ સોમના શ્રેયાર્થે નેમિજિનની તથા ઠ૦ સોમ અને પોતાના ન્હાના ભાઇ તેજપાલની એમ ત્રણ પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરી. એજ પ્રમાણે શાંબશિખર ઉપર, ઠ૦ આશરાજના પુણ્યાર્થે નેમિજિનની અને ખુદ ઠ૦ આશારાજ તથા તેની સ્ત્રી કુમારદેવી ( મંત્રીની માતા ) ની, એમ ત્રણ આકૃતિઓ વિરાજિત કરી."

લેખોકત હકીકતનું આવી રીતે આ ચરિત્રોકત વર્ણનથી સ્પષ્ટીકરણ થાય છે. વર્તમાનમાં વસ્તુપાલના એ મન્દિરોમાં, ઉપરોકત કામમાંથી ઘણો ફેરફાર થઈ ગયેલો જોવાય છે. લેખોમાં જણાવેલી રચના ઘણી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખરી નષ્ટભ્રષ્ટ થઈ ગઇ છે. વસ્તુપાલના કૌટુંબિકોની મૂર્તિઓ વિગેરે-માંનું આજે કશું દેખાતું નથી. અંબા અને અવલોકન આદિ શિખરો ઉપર જે દેવ કુલિકાઓ કરાવી હતી તે પણ કાલના કરાલ ગાલમાં ગર્ક થઈ ગયેલીઓ છે. નેમિનાથના મહાન્ મંદિર આગળ જે ' ઇન્દ્ર મંડપ ' અને ' સુખોદઘાટનકસ્તંભ ' કરાવ્યો હતો તે પણ દૃષ્ટિગોચર થતો નથી. ફક્ત શત્રુંજયાવતાર, સંમેતાવતાર, અષ્ટાપદાવતાર અને કપર્દિયક્ષવાળું એમ ૪ મૂળ મંદિરોજ આજે વિદ્યમાન છે અને તેને લોકો " વસ્તુપાલ–તેજપાલની ટુંક "ના નામે ઓળખે છે.

( ૪૯ )

નેમિનાથના મહાન મંદિરના ઉત્તર તરફના દરવાજા તરફ આવેલા ' ઘડીઘટુકા'ના મંદિરની અંદરના ન્હાના દરવાજા પાસેની દેવ-કુલિકાની દક્ષિણે આવેલી દિવાલ ઉપર નં. ૪૯ નો લેખ કોતરેલો છે.

મિતિ સં૦ ૧૨૧૫ ના ચૈત્ર સુદી ૮ રવિવાર, છે. એ દિવસે આ ઉજ્જયંત ( ગિરનાર ) પર્વત ઉપર, સંઘવિ ઠ૦ સાલવાહણની દેખરેખ નીચે સૂત્રધાર જસહડના પુત્ર સાવદેવે, જગતી ( કોટ )ની સઘળી દેવકુલિકાઓના છાજા, કુવાલિ ( ? ) અને સંવિરણી ( ? ) પૂર્ણ કર્યાં. તથા ઠ૦ ભરથના પુત્ર ઠ૦ પંડિત સાલિવાહણે નાગઝરા નામના ઝરા ( ? )ની આસપાસ ચાર બિંબ યુક્ત કુંડ કરાવ્યો અને તેની અધિષ્ઠાત્રી અંબિકાદેવીની પ્રતિમા અને દેવકુલિકા કરાવી. ×

( ૫૦–૫૧ )

સુવાવડી પરબની પાસે ' ખબુતરી–ખાણ 'ના નામે ઓળખાતી જે ખાણ છે ત્યાં આગળ, પર્વતના રસ્તાની ઉત્તર બાજુની દિવાલ ઉપર આ નં. ૫૦ અને ૫૧ ના લેખો કોતરેલા જોવામાં આવે છે.

પહેલાની સાલ ૧૨૨૨ ની અને બીજાની ૨૩ ની છે. બંનેની મતલબ એકજ છે. શ્રીમાલજ્ઞાતિના મહં૦ શ્રીરાણિગના સુત મહં૦ શ્રીઆંબાંકે પદ્યા ( પાજ ) કરાવી. એ કથન આ બંને લેખોમાં છે.

× આ લેખની પૂરેપૂરી મતલબ સ્પષ્ટ રીતે સમજાતી નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ લેખો સાથે સંબંધ ધરાવતો ઈતિહાસ આ પ્રમાણે છે—

ગુર્જરેશ્વર પરમાર્હત ચૌલુક્યનૃપતિ કુમારપાલ સંઘ સમેત શત્રુંજયની યાત્રા કરી ગિરનાર તીર્થ ઉપર ગયો હતો. તે વખતે પર્વત ઉપર ચઢવા માટે રસ્તો બાંધેલો ન હતો તેથી ચઢનારને બહુ પરિશ્રમ પડતો હતો. રાજા કુમારપાલદેવ એ કઠિનતાના લીધે પર્વત ઉપર ચઢી શક્યો નહિ અને તીર્થપતિ નેમિનાથના પવિત્ર દર્શન કરી શક્યો નહિ. આના લીધે તેના મનમાં બહુ ખેદ થયો. પછી તેણે એ કઠિનતાનું નિવારણ કરવા માટે પાજ બંધાવવાનો વિચાર કર્યો અને પોતાના સભાસદોને પૂછયું કે 'આ ગિરનાર પર્વત ઉપર ચઢવા માટે સુગમ પાજ કોણ બંધાવી શકે એમ છે?' ત્યારે મહાકવિ સિદ્ધપાલે, જણાવ્યું, કે–' મહારાજ ! ધર્મિષ્ઠ, નિષ્પક્ષ અને સદ્‌ગુણી એવો આ રાણિગનો પુત્ર આમ્ર ( અસલ નામ આંબડ યા આંબાક ) બંધાવી શકે તેમ છે.' કુમારપાલે આમ્રની એ વિષયમાં યોગ્યતા જાણી તેને સૌરાષ્ટ્રનો અધિપતિ ( સુબો ) નીમ્યો અને પર્વતની પદ્યા ( પાજ ) બંધાવવાનો હુકમ આપ્યો. તદનુસાર આમ્રે કુશલતા પૂર્વક થોડાજ સમયમાં એ કાર્ય પૂર્ણ કર્યું અને તેના સ્મરણ માટે આ લેખો કોતરાવ્યા. આ વૃત્તાન્ત સોમપ્રભાચાર્યના कुमारपालप्रतिबोध અથવા हेमकुमारचरित માં છે કે જે સં. ૧૨૪૧ માં પૂર્ણ થયું છે.

( कुमारवालो ) उज्झिते नेमिजिणो न मए नमिओ त्ति झुरेइ । जंपइ सहानिसण्णो ' सुगमं पज्जं गिरिम्मि उज्झिंते को कारविउं सक्को ? ' तो भणिओ सिद्धवालेण–

प्रष्ठा वाचि प्रतिष्ठा जिनगुरुचरणाम्भोजभक्तिर्गरिष्ठा
श्रेष्ठाऽनुष्ठाननिष्ठा विषयसुखरसास्वादसक्तिस्त्वनिष्ठा ।
बंहिष्ठा त्यागलीला स्वमतपरमतालोचने यस्य काष्ठा
धीमानाम्रः स पद्यां रचयितुमचिरादुज्जयन्ते नदीष्णः ॥

'सूक्तं त्वयोक्तं' इत्युक्त्वा पद्यां कारयितुं नृपः पुत्रं श्रीराणिगस्याम्रं सुराष्ट्राधिपतिं व्यधात् ।

यां सोपानपरम्परापरिगतां विश्रामभूमियुतां
स्रष्टुं विष्टपसृष्टिपुष्टमहिमा ब्रह्मापि जिह्मायितः ।
मन्दस्त्रीस्थविरार्भकादिसुगमां निर्वाणमार्गोपमां
पद्यामाम्रवचस्पतिर्मतिनिधिर्निर्मापयामास ताम् ॥

મહામાત્ય વસ્તુપાલના ધર્માચાર્ય શ્રીવિજયસેનસૂરિએ रेवंतगिरिरासु નામનો ગિરનાર પર્વત વિષયક એક રાસો બનાવ્યો છે કે જે प्राचीनगुर्जरकाव्यसंग्रह નામના પુસ્તકમાં મુદ્રિત થયો છે. તેમાં જણાવ્યું છે, કે આ અંબડનો ભાઈ ધવલ હતો તેણે માર્ગમાં એક '-પરવ' (सं. प्रपा) બનાવી હતી.

दुविहि गुज्जरदेसे रिउरायविहंडणु,
कुमरपालु भूपालु जिणसासणमंडणु ।
तेण संठाविओ सुरठदंडाहिवो,
अंबओ सिरे सिरिमालकुलसंभवो ।
पाज सुविसाल तिणि नठिय,
अंतरे **धवल** पुणु परव भराविय ॥
वनु सु **धवल** भाउ जिणि पाग पयासिय,
बारविसोत्तरवरसे जसु जसि दिसि वासिय ।

.... .... ........ .... ....

प्रभावकचरित्र માં, આ પદ્યા કરવનાર વાગ્ભટ મંત્રી જણાવ્યો છે કે જે કુમારપાલનો મહામાત્ય અને ઉદયન મંત્રીનો પુત્ર હતો. *

---

* જુઓ, એ ચરિત્રમાંનો છેલ્લો हेमचंद्रसूरि प्रबन्ध.

दुरारोहं गिरिं पद्याभावादृष्ट्वा स वाग्भटम् ।
मंत्रिणं तद् विधानाय समादिक्षत् स तां दधौ ॥ ८४५ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એજ કથનનું મેરૂતુંગાચાર્યે પણ પોતાના प्रबन्धचिन्तामणि ગ્રંથમાં અનુસરણ કર્યું છે અને વધારામાં ઉમેર્યું છે, કે એ પદ્યા બંધાવવામાં તેને ૬૩ લાખ રૂપિઆ ખર્ચ થયા હતા ×. પરંતુ, એ બંને કથન ભ્રમ ભરેલાં છે. કારણ કે પ્રથમ તો ખાસ એ લેખોમાંજ સ્પષ્ટ રીતે રાણિગ પુત્ર અંબડ યા આમ્રનું નામ છે. અને બીજું, સાક્ષાત્ તે સમયમાં વિદ્યમાન એવા સોમપ્રભાચાર્યનું તથા તેજ શતાબ્દીના વિજયસેનસૂરિનું કથન પણ એ લેખોને પુષ્ટિ આપે છે. અનેક ગ્રંથોનું અવલોકન કરી કુમારપાલનું વિસ્તૃત અને કાંઇક વ્યવસ્થિત ચરિત્ર લખનાર પંદરમી સદીના જિનમંડનગણિએ પણ कुमारपालप्रबन्ध માં પદ્યા કરાવનાર રાણિગ પુત્ર આમ્ર યા આંબદેવ જ જણાવ્યો છે. *

( ૫૨ )

નં. ૪૯ વાળો લેખ જ્યાં આગળ આવેલો છે ત્યાંજ આ નં. ૫૨ નો પણ લેખ આવેલો છે.

આ લેખ ખંડિત છે તેથી ભાવાર્થ સ્પષ્ટ જણાતો નથી, તેમજ ડૉ. બર્જેસની નકલમાં અને આ નકલમાં કેટલોક પાઠફેર પણ છે. આ સંગ્રહમાં આપેલા પાઠ પ્રમાણે એનો અર્થ એવો કાંઇક જણાય છે— શ્રીધનેશ્વરસૂરિ નામના આચાર્ય થયા જેઓ નીશીરભટ્ટના પુત્ર હતા. તેમના ચરણકમલમાં ભ્રમર સમાન ક્રીડા કરનાર ચંદ્રસૂરિ .... જેમણે આ રૈવત પર્વત ઉપર પ્રતિષ્ઠાદિક કાર્યો કર્યાં. તથા તેમણે સંગાત (?) મહામાત્યના પૂછેલા પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતા. તથા તેઓ

---

× नव्यपद्याकरणाय श्रीवाग्भटदेव आदिष्टः, पद्यायाः पक्ष द्वये व्ययीकृतात्रिषष्टिलक्षाः । ’          प्रबन्धचिन्तामणि,पृ० २३९ ।

* ततो मत्वा दुरारोहं गिरिं श्रृङ्खलपद्यया ।<br>
सुराष्ट्रादण्डनाथेन श्रीमालिज्ञातिमौलिना ॥<br>
राणश्रीआम्बदेवेन जीर्णदुर्गदिगाश्रिताम् ।<br>
पद्यां सुखावहां नव्यां श्रीचौलुक्यो व्यदीधपत् ॥

कुमारपालप्रबन्ध, पृ० १०५ ।

આ શ્લોકો કૃષ્ણર્ષીય જયસિંહસૂરિના રચેલા કુ. ચ. માંથી લેવામાં આવેલા છે.



Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

ચંડાદિ જનસમુદાય સહિત આ પર્વત ઉપર આવ્યા હતા. બર્જેસે પોતાની નકલની અંતે [ ૨ સં. ૧ ( ૨૭૬ ) ] આ પ્રમાણે સાલના આંકડા આપ્યા છે અને તેના આધારે મ્હેં પણ સં. ૧૨૭૬ ની સાલ આપી છે. બર્જેસે निशीरभट्टात्मजः ના ઠેકાણે श्रीशीलभद्र.... પાઠ આપ્યો છે જે કદાચ ઠીક હોય તો તે નામ ધનેશ્વરના ગુરૂ યા શિષ્યનું પણ હોઈ શકે. પરંતુ એ બધું લેખની અપૂર્ણતાના લીધે અસ્પષ્ટજ છે.

( ૫૩ )

વસ્તુપાલના જે ત્રણ મંદિરોનું વર્ણન ઉપરના લેખોમાં કરવામાં આવ્યું છે તેમાના મધ્ય મંદિરના મંડપમાં એક પાર્શ્વનાથની પ્રતિમા વિરાજમાન છે તેની બેઠકની નીચે આ નં. ૫૩ નો લેખ કોતરેલો છે. લેખનો અર્થ આ પ્રમાણે છે—

મિતિ સં. ૧૩૦૫ વર્ષના વૈશાખ શુદિ ૩ શનિવાર. શ્રીપત્તન (અણહિલપુર) નિવાસી શ્રીમાલજ્ઞાતીય ઠ૦ વા ( ચા ) હડના પુત્ર મહં૦ પદ્મસિંહના પુત્ર—ઠ૦ પથિમિદેવીના અંગજ, મહણસિંહના નાના ભાઈઓ શ્રીસામંતસિંહ તથા મહામાત્ય શ્રી સલખણસિંહ ( સલક્ષ ) એઓએ પોતાના માતાપિતાના શ્રેય સારૂ અત્ર ( ગિરનાર ઉપર વસ્તુપાલના મંદિરમાં ? ) શ્રીપાર્શ્વનાથનું બિંબ કરાવ્યું, જેની પ્રતિષ્ઠા બૃહદ્ગચ્છીય શ્રી પ્રદ્યુમ્નસૂરિના પટ્ટધર શ્રીમાનદેવસૂરિના શિષ્ય શ્રીજયાનંદસૂરિએ કરી છે.

આ લેખ મહત્ત્વનો છે. કારણ કે આમાં પ્રથમ પુરૂષ જે વાહડ અથવા ચાહડનું નામ આપ્યું છે તે સુપ્રસિદ્ધ મંત્રી ઉદયનનો પુત્ર હતો. આ લેખોક્ત વ્યક્તિઓ સાથે સંબંધ ધરાવતો એક શિલાલેખ, પોરબંદર રાજ્યમાં કાંટેલા નામના ગામમાં મહાકાલેશ્વરના મંદિરમાં આવેલો છે. એ લેખ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી ( અમદાબાદ ) તરફથી પ્રકટ થતા બુદ્ધિપ્રકાશ નામના માસિક પત્રમાં—સન ૧૯૧૫ ના જાન્યુવારી માસના અંકમાં ( પુસ્તક ૬૨ મું, અંક ૧ લો ) શ્રીયુત તનસુખરામ મનઃસુખરામ ત્રિપાઠી. બી. એ. એમણે પ્રગટ કર્યો છે. લેખાંતર્ગત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ણન અને ઇતિહાસના સ્પષ્ટીકરણ માટે તેમણે એ લેખની સાથે કેટલુંક ઉપયોગી એવું ઐતિહાસિક વિવેચન પણ આપેલું છે. આ પ્રસ્તુત લેખમાં, તે લેખ વિશેષ ઉપયોગી હોવાથી, તેના વિદ્વાન્ લેખકના વક્તવ્ય સાથે અપેક્ષિત ભાગ અત્ર આપવો ઉચિત થઇ પડશે.

" આ લેખ ( એક ફુટ નવ ઇંચ ) ૧'–૯ " પહોલા, "૧૧ા" લાંબા કાળા ગ્રાનિટ પત્થર ઉપર કોતરેલો ભૂમિતલથી ૧'–૯ " ઉંચાઇ એ પૂર્વોક્ત મંદિરમાં ડાબી બાજુએ ગણપતિની મૂર્તિ નીચે છે. " અને બને બાજુએ ઉપડતી કીનારીઓ છે. " " તેથી છાપતી વખતે ( 'રાબંગ' લેતાં ) સંકડાસ પડે છે. અને ખુણાનો ભાગ બહુજ મુસ્કેલીથી છપાય તેમ છે. ". તેમાં અક્ષરોની ૧૭ પંક્તિઓ છે પ્રતિપંક્તિ અક્ષરો આશરે ૪૦–૪૫ છે. અક્ષરો સુંદર છે. ( ગિ. વ. ) "

" આ મુદ્રાપણમાં શ્લોક મધ્યે જ્યાં અંક આવે છે તે મૂલ લેખની પંક્તિના આરંભદર્શક છે. "

( લેખ. )

(१) ९० ॥ स्वस्तिमानस्तु दैत्यारिगुप्तो धर्ममहीरुहः ।
महेन्द्रादिपदं यस्य परिपाकोज्ज्वलं फलम् ॥ १ ॥
**श्रीश्रीमाल** कुले मंत्री प( २ ) वित्रीकृतभूतलः ।
**उदयो** नाम शीतांशुसितकीर्तिरजायत ॥ २ ॥
अंगभूरब्धिगंभीरस्ततः **श्रीचाहडो**ऽभवत् ।
प( ३ )**झसिंहं** कुलज्योति सुतरत्नमसूत यः ॥ ३ ॥
बभूव **पद्मसिंहस्य** गुरुभक्तस्य गेहिनी ।
प्रिया **पृथिमदेवी**ति मैथिली( ४ )व रघुप्रभोः ॥ ॥ ४ ॥
तयोस्त्रयोऽभवन् पुत्राः सुत्रामगुरुवाग्मिनः ।
मिथः प्रीतिजुषां येषां न त्रिवर्गोपमेयता ॥ ५ ॥
ज्या( ५ )यान्**महणसिंहो**ऽभूत् **सलक्ष**स्तेषु चानुजः ।
लेभे **सामंतसिंह**स्तु कनिष्ठज्येष्ठतां तयोः ॥ ६ ॥
**श्रीवीसल**महीपालः श्री( ६ )**सलक्ष**करांबुजम् ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चक्रे सौराष्ट्रकरणस्वर्णमुद्रांशुभासुरम् ॥ ७ ॥
स लाटदेशाधिकृतः प्रभोस्तस्यैव शासनात् ।
दधौ दिव्यां ( ७ ) तनुं रेवात्यक्तभूतमयाकृतिः ॥ ८ ॥
श्रेयसे प्रेयसस्तस्य भ्रातुः सामंतमंत्रिणा ।
सलक्षनारायण इत्यस्थापि प्रतिमा हरेः ( ८ ) ॥ ९ ॥
रैवताचलचूले श्रीनेमिनिलयाग्रतः ।
प्रांशु प्रासादमस्थापि बिंबं पार्श्वजिनेशितुः ॥ १० ॥
यथा वीसलभूपा( ९ ) लः सुराष्ट्राधिकृतं व्यधात् ।
सामंतसिंहसचिवं तथैवार्जुनभूपतिः ॥ ११ ॥
स जातु जलधेस्तीरे पथि द्वारवतीपतेः ।
शु( १० )श्राव रेवतीकुंडमिदं कालेन जर्जरम् ॥ १२ ॥
निजप्रभावबीजेऽस्मिन् पूर्वं हि किल रेवती ।
चिक्रीड सह कान्तेन वेलावनवि( ११ )हारिणी ॥ १३ ॥
अत एतन्महातीर्थं जननीश्रेयसेऽमुना ।
नवैरुपलसोपानैः सुरवापीसमं कृतम् ॥ १४ ॥
गणेशक्षेत्रपाला( १२ )र्कचंडिकामातृभिः समम् ।
कारितौ कृतिना चेह महेशजलशायिनौ ॥ १५ ॥
किं चात्र सच्चरित्रेण रेवतीबलदेवयोः ।
(१३) अस्थापि मूर्तियुगलं नवायतनपेशलम् ॥ १६ ॥
अकारि कूपकोप्यस्मिन्नरघट्टमनोहरः ।
धयंति धेनवो यस्य निपानें ( १४ ) बुं सुवासखम् ॥ १७ ॥
रेवतीग्रहमुज्झंति शिशवो यत्र मज्जनात् ।
तदेतदस्तु कल्पांतसाक्षि सामंतकीर्तनम् ॥ १८ ॥
ख( १५ )नेत्रानलशीतांशुमिते विक्रमवत्सरे ।
ज्येष्ठे सितचतुर्थ्यां ज्ञे मूर्तमेतत्प्रतिष्ठितम् ॥ १९ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रशस्तिमेतां सा( १६ )मंतमंत्रिगोत्रस्य पूजितः ।
मोक्षार्कधीमतः सूनुश्चक्रे हरिहरः कविः ॥ २० ॥ छ ॥
मंगलं महाश्रीः ॥ छ ॥ ( १७ ) संवत् १३२० वर्षे ज्येष्ठसुदि ४ बुधे ॥ प्रतिष्ठा ॥ छ ॥

( ભાષાંતર. )

( ૧ ) દૈત્યોના શત્રુ ( વિષ્ણુ ) થી રક્ષાયલો ધર્મરૂપ વૃક્ષ, જેના પરિપાકનું ઉજ્જવલ ફલ મહેન્દ્ર આદિનું પદ ( સ્વર્ગ ) છે તે, ‘ સ્વસ્તિ ’ ( કલ્યાણ ) વાળો થાઓ.

( ૨ ) શ્રીશ્રીમાલકુલમાં, ભૂતલ જેણે પવિત્ર કર્યું છે અને ચંદ્ર સમાન કીર્તિ છે જેની એવો ‘ ઉદય ’ નામે મંત્રી થયો.

( ૩ ) તેનાથી સમુદ્રતુલ્ય ગંભીર શ્રી‘ચાહડ’ પુત્ર થયો, જેણે કુલને દીપાવનાર એવા ‘ પદ્મસિંહ ’ નામે પુત્રરત્નને જન્મ આપ્યો.

( ૪ ) ગુરૂઓમાં ( વડીલો તથા ધર્મબોધકોમાં ) ભક્તિમાન્ પદ્મસિંહની ‘ પૃથિમદેવી ’ નામે રામચંદ્રની મૈથિલી ( સીતા ) તુલ્ય પ્રિય ગૃહિણી હતી.

( ૫ ) દેવોના ગુરૂ ( બૃહસ્પતિ ) તુલ્ય વાગ્મી ( પટુ, કુશલ ) એવા તેઓને ત્રણ પુત્ર થયા, જેઓ પરસ્પર પ્રીતિયુક્ત હોતાં તેઓ ( ધર્મ, અર્થ, કામ એ ) ત્રિવર્ગના ઉપમેય થઇ શકતા નથી. ( કારણ ધર્માદિઓનો તો પરસ્પરમાં વિરોધ પ્રસિદ્ધ છે. )

( ૬ ) તેઓમાં જ્યેષ્ઠ ‘ મહણસિંહ, ’ અને કનિષ્ઠ ( સઉથી નાનો ) ‘ સલક્ષ ’ હતો. અને ‘ સામંતસિંહ ’ તો તેઓનો કનિષ્ઠ અને જ્યેષ્ઠ ( અર્થાત મધ્યમ–વચલો ) થયો હતો.

(૭ ) શ્રીવીસલ રાજાએ ‘ સલક્ષ ’ ના હસ્તરૂપી કમલને સૌરાષ્ટ્ર (દેશ) ની કરણ ( રાજ્યકાર્ય ) ની સ્વર્ણમુદ્રા ( સોનાનો બનાવેલો સિક્કો) ના કિરણથી તેજસ્વી કર્યું. (અર્થાત તેને સૌરાષ્ટ્રદેશનો સ્વપ્રતિનિધિરૂપ રાજ્યાધિકારી સ્થાપ્યો.)

( ૮ ) તે જ પ્રભુના ( અર્થાત્ વીસલદેવના ) શાસનથી ( લિખિત આજ્ઞાથી ) લાટદેશ (ભરૂચના પ્રદેશ) ના અધિકારને પામેલો તે નર્મદા તીરે ભૂતમય આકૃતિને ( સ્થુલદેહને ) ત્યાગીને દિવ્ય શરીરને પામ્યો. ( અર્થાત નર્મદા તીરે મૃત્યુ પામ્યો. )



Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

( ૯ ) તે પ્રિયભાઇના શ્રેય ( કલ્યાણ ) સારૂ ' સામંત ( સિંહ ) મંત્રી ' એ ' સલક્ષ નારાયણ ' નામે હરિ ( વિષ્ણુ ) ની પ્રતિમા સ્થાપી.

( ૧૦ ) અને રૈવતાચલ ( ગિરિનાર ) ના શિખર ઉપર નેમિનાથના મંદિર પાસે એક ઉચ્ચ પ્રાસાદ અને પાર્શ્વનાથનું બિંબ ( પ્રતિમા )સ્થાપ્યાં.

( ૧૧ ) જેમ વીસલદેવે સામંતસિંહ સચિવ ( મંત્રી ) ને સુરાષ્ટ્રનો અધિકાર સોંપ્યો હતો, તેમજ અર્જુન ( દેવ ) રાજાએ પણ સોંપ્યો.

( ૧૨ ) કોઇ એકવારે તેણે, સમુદ્રતીરે દ્વારકાપતિના માર્ગમાં આ રેવતી કુંડ કાલે કરી જર્જર ( જીર્ણ ) થયો છે એમ સાંભળ્યું.

( ૧૩ ) પૂર્વે ' વેલાવન'માં વિહાર કરનારી ' રેવતી ' પોતાના પ્રભાવથી ઉત્પન્ન આ કુંડમાં પોતાના કાંત ( બલદેવ ) સાથે ક્રીડા કરતી હતી.

( ૧૪ ) એથી આ મહાતીર્થ, એણે પોતાની માતાના શ્રેયાર્થે નવાં પત્થરનાં પગથીઆંથી ( તે બંધાવી ), દેવોની વાવ સમાન કર્યું.

( ૧૫ ) અને તે કૃતી ( ધન્ય પુરૂષ ) એ અહિં ગણેશ, ક્ષેત્રપાલ, સૂર્ય, અને ચંડિકાદિ ( નવ ) માતાઓ સહિત મહાદેવ અને જલશાયી (વિષ્ણુ) કરાવ્યા.

( ૧૬ ) અને વળી તે સારા ચરિત્રવાળાએ નવા મંદિરથી સુંદર એવી રેવતી અને બલદેવની બે મૂર્તિઓ સ્થાપી.

( ૧૭ )વળી અરઘટ્ટ ( પાણીનો રેંટ ) થી મનોહર એવો કુવો પણ કરાવ્યો. જેના નિપાન ( અવેડા )માં અમૃત તુલ્ય પાણીને ગાયો પીએ છે.

( ૧૮ ) ત્યાં મજ્જન ( સ્નાન ) કરવાથી બાલકો રેવતી (નામે શિશુ-પીડક ) ગ્રહથી મુકત થાય છે,

તે આ સામંત( સિંહ )નું કીર્તન ( મંદિર ) કલ્પના અંત સુધી રહો.

( **કીર્તન**-નો અર્થ મંદિર થાય છે, સરખાવો—कीर्तिः क्षितौ तनु-मतीरिव कीर्तनानि, कर्तुं समारभत मंत्रिशिरोवतंसः । सुकृतसंकीर्तनं-११।१। ).

( ૧૯ ) વિક્રમના વર્ષ ૧૩૨૦ જ્યેષ્ઠ સુદિ ૪ બુધવારે આ મૂર્તિમત્ ( બંધાવેલું તે )પ્રતિષ્ઠિત ( પ્રતિષ્ઠા કરાઇ ) થયું.

( ૨૦ ) સામંત મંત્રીના ગોત્રે ( કુલ-વંશે ) પૂજાયલા, એવા બુદ્ધિ-માન્ મોક્ષાર્ક ( મોક્ષાદિત્ય ) ના પુત્ર હરિહર કવિએ આ પ્રશસ્તિ રચી.

મંગલ. મહાશ્રી. સંવત્ ૧૩૨૦ વર્ષે જ્યેષ્ઠ સુદિ ૪ બુધે પ્રતિષ્ઠા. ”

* * *

એ લેખના ' ઐતિહાસિક વિવેચન ' માંથી આ સંગ્રહવાળા પ્રસ્તુત લેખમાં અપેક્ષિત વર્ણનનું અત્ર અવતરણ કરવામાં આવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" ( શ્લોક-૧ ) મંદિર સ્થાપક જૈન હોવાથી પ્રસ્તુત મંગલમાં દેવ-વિશેષનો ઉલ્લેખ ન કરતાં સામન્યતઃ 'ધર્મ'નું કલ્યાણ કવિએ ઇચ્છયું છે, એમ પ્રતીતિ થાય છે. સત્ ધર્મનું ફલ સ્વર્ગપ્રાપ્તિ છે.

**ઉદય ( ન ) મંત્રી**—એ હેમચંદ્ર તથા કુમારપાલ સાથે નિકટ સબંધથી અતિ પ્રસિદ્ધ છે. એ ધર્મે જૈન અને જ્ઞાતિએ શ્રીમાલી વાણીઓ * હતો. એનું વૃત્તાંત ગુજરાતી રાસમાલામાં ( આવૃત્તિ ૨ ) ભાગ ૧ પૃ. ૧૫૪-૫ ના ટિપ્પનમાં તથા પૃ. ૨૪૮-૨૮૪-૨૮૫ માં સંગૃહીત છે.

લેખો આદિ ઉપરથી અવગત થાય છે કે એ કોઈ પણ સમયે ગુજરાતના મહામાત્ય (પ્રધાન-Minister) પદને પામ્યો ન હતો. પણ મંત્રી (Councillor) પદ પામ્યોહતો. ‡

---

* 'વાણીઆ' નું ગ્રામ્ય વિશેષણ આપી લેખકનો આશય તેને આજકાલના નિર્બલ અને નિઃસત્ત્વ 'વાણીઆ' જેવો તો જણાવવાનો નહિ જ હશે. કારણકે તેનું જીવન એક મહાન્ શૂરવીર ક્ષત્રિય યોદ્ધા જેવું ઉજ્જવલ હોવાનું જગજાહેર છે. છતાં આ વિદ્વાન્ લેખકનો આશિષ્ટ શબ્દ પ્રયોગ, તેને જાણે કોઇ પ્રાકૃતજન જેવો આપણને જણાવતો હોય તેવો ભાસ કરાવે છે. કદાચ ધર્મ ભેદ તો આમાં કારણ નહિ હોય?-**સંગ્રાહક.**

‡ કૃષ્ણર્ષિ જયસિંહસૂરિના कुमारपालचरित માં કથન છે કે-

निजोपकारकं कृत्वोदयनं मंत्रिपुंगवम् ।
अमात्यं तत्सुतं चक्रे वाग्भटं स प्रमोद्भटम् ॥

-तृतीयसर्ग, श्लोक ४७६ ।

અર્થાત્—કુમારપાલે, પોતાનો ઉપકારી જાણી ઉદયનને મંત્રિપુંગવ ( મહામાત્ય ) બનાવ્યો અને તીવ્રબુદ્ધિમાન્ એવા તેના પુત્ર વાગ્ભટને અમાત્ય બનાવ્યો. આજ પ્રમાણે જિનમંડનના कुमारपालप्रबन्ध માં પણ જણાવ્યું છે કે- ' राजनीतिविदा राज्ञा पूर्वोपकारकर्त्रे उदयनाय महामात्यपदं दत्तं । तत्पुत्रो वाग्भटः सकलराजकार्यव्यापारेषु व्यापारितः । -पृष्ठ ३४ । ( અર્થાત્ રાજનીતિના જાણકાર રાજાએ ( કુમારપાલે ) પૂર્વાવસ્થામાં ઉપકાર કરનાર ઉદયનને 'મહામાત્ય' પદ આપ્યું. તેના પુત્ર વાગ્ભટને સકલરાજકાર્યોમાં અધિકારી બનાવ્યો. ) આ ઉલ્લેખો ઉપરથી જણાય છે કે ઉદયનને કુમારપાલે મહામાત્ય તો બનાવ્યો હતો. પરંતુ તે વખતે, તે વૃદ્ધ થયેલો હોવાથી આવી પાકી ઉમરે રાજ્યતંત્રની મહાન્ ચિંતામાં વિશેષ ગુંચવાઈન પડતાં પોતાના આત્મસાધન તરફ લક્ષ્ય રાખતો હતો. આથી નૃપદત્ત એ મહાન્ પદનો બધો ભાર તેણે પોતાના મ્હોટા અને વિદ્વાન્ પુત્ર વાગ્ભટ ઉપર મૂક્યો હતો. મહામાત્ય પદ પામ્યા પછી પાંચ સાતજ વર્ષ તે જીવિત રહ્યો હતો અને અંતે સોરાષ્ટ્રના એક મંડલિક સાથેની લડાઈમાં મૃત્યુ પામ્યો હતો. તેના મરણ પછી તેનું ( મહામાત્ય ) પદ વાગ્ભટને આપવામાં આવ્યું હતું અને કુમારપાલના અંત સુધી તે એ પદ ઉપર પ્રતિષ્ઠિત રહયો હતો.-**સંગ્રાહક.**

૧૨



Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

કર્ણના સમયમાં શ્રીમાલ ( ભિન્નમાલ ) થી તે પ્રથમ ગુજરાતમાં વ્યાપાર સારૂ આવ્યો. સિદ્ધરાજે તેને સ્તંભતીર્થ ( ખંભાત ) નો અધિકારી નિયમ્યો હતો. કુમારપાલ જ્યારે સિદ્ધરાજથી નાસતો રહેતો હતો ત્યારે મંત્રી ઉદયન પાસે ગયો હતો અને પાથેય ( ભાથું ) માગ્યું હતું પણ રાજભયથી તેણે આપ્યું ન હતું. પરંતુ હેમચંદ્રે ( જેના પિતાએ ઉદયનની પ્રેરણાથી તેને સાધુ થવા દીધો હતો અને જે ઉદયનનો આશ્રિત ( ? ) હતો. ) તેને કુમારપાલ ભવિષ્યમાં રાજા થશે એ વચન કહેવાથી તેણે પાથેયાદિ આપી જવા દીધો. ( પ્રભાવક ચરિત. ) ઝિંઝુવાડાના પ્રાચીન કિલ્લાના કેટલાક ભાગમાં મહં० શ્રી ઉદલ એમ અક્ષરો છે, તે દર્શાવે છે કે તેની અધ્યક્ષતાએ તે બંધાયો હશે. ( રાસમાલા ભા. ૧, પૃ० ૩૭૯ ) કુમારપાલ રાજા થયો ત્યારે તેણે તેના બદલામાં ઉદયનના પુત્ર વાહડને ( મહાકવિ વાગ્ભટ વા વાગ્ભટ્ટ ) મહામાત્ય પદ આપ્યું. ( કુમારપાલ ચરિત. ) સંવત્ ૧૨૧૩ ના એક લેખમાં એ વાત સ્પષ્ટ છે.

કુમારપાલે ઉદયનને સૌરાષ્ટ્ર જીતવા મોકલ્યો હતો, ત્યાં તે આશરે સં. ૧૨૦૫ ( કે ૧૨૦૮ ) માં જીવિતાંત પામ્યો.

(શ્લોક ૩) **ચાહડ**—એ ઉદયનનો તૃતીય પુત્ર હતો. (૧) (મહાકવિ–મહામાત્ય ) વાહડ ( વાગ્ભટ વા વાગ્ભટ્ટ ). ( ૨ ) ( રાજપિતામહ-રાજસંહાર ( પ્ર० ચિં.) આંબડ (આમ્રભટ્ટ). (૩) (રાજઘરટ્ટ (પ્ર० ચિં.) ચાહડ ( પાઠભેદે-ઓહડ–આહડ-વા આસ્થડદેવ ) અને ( ૪ ) ( સત્રાગાર ) સોલ્લાક.

અત્ર આ અવધેય છે કે પ્રાચીન લિપિમાં च અને व બહુ સમાન લખાતા અને તેથી કેટલીકવાર પ્રતિકૃતિ કરનારા અને બહુવાર અપરિચિત વાચકો તેથી ઉભય મધ્યે ભ્રમમાં પડી જતા. એ કારણથી પ્રબંધચિંતામણિ આદિ ગ્રંથોમાં અને તેને અનુસાર રાસમાલા આદિમાં ઉભયનાં નામ અને તેથી તેમના ચરિતોમાં બહુ ભ્રમ અને મિશ્રણ થઇ ગયાં જણાય છે.

સં. ૧૩૦૫ ના ગિરિનાર ઉપરના એક મુદ્રિત લેખમાં ( જેના જ વિષયમાં આ અવતરણ કરવામાં આવ્યું છે અને જેનો અર્થ ઉપર લખાઇ ગયો છે ) પદ્મસિંહના પિતાનું નામ वाहड મુદ્રિત થયું છે, પણ પ્રસ્તુત ( આ મહાકાલેશ્વરવાળા લેખના ) સુપ્રતિબિંબમાં चाहड એમ સ્પષ્ટ છે.

‘ હિસ્ટ્રી ઓફ ગુજરાત ’માં ( પૃ. ૧૫० ) ઉદયનને પાંચ પુત્રો હતા એમ લખ્યું છે, તે ચાહડ અને આહડને ભ્રમથી ભિન્ન ગણી લખાયું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્તુતઃ ઉદયનના પુત્રોમાં વાહડ અને આંબડ અધિક પ્રતાપી હતા. વિસ્તાર ભયથી અને પ્રકૃતમાં કંઇક અપ્રસ્તુત હોવાથી અત્રે તેઓના ચરિતનો અવતાર કર્યો નથી.

ચાહડ અને સોલ્લાકે રાજ્યકાર્યમાં બહુ ભાગ લીધો જણાતો નથી.

કુમારપાલના ચોહાણરાજા અર્ણોરાજ (આનાક) સાથે યુદ્ધમાં (સં. ૧૨૦૦–૨ ની પૂર્વ) ઉદયન પુત્ર વાહડ આનાકના પક્ષમાં ગયાનો સવિસ્તર ઉલ્લેખ છે. (સં. પ્ર. ચિં. પૃ૦ ૧૯૭ ગુ. રાસમાલા પૃ૦ ૨૫૩–૩) પરંતુ એ સર્વ ભ્રાંતિમૂલક છે, એમ ભાસે છે એ કૃત્ય અપર એક 'ચાહડકુમાર'નું હતું જે ઉદયનપુત્રથી ભિન્ન છે. મૂળ દ્વ્યાશ્રયમાં (સર્ગ ૧૬, શ્લોક ૧૪) ચાહડ એમજ પાઠ છે. પ્ર. ચતુર્વિંશતિમાં કુમારપાલ પ્રબંધમાં લખે છે કે—

श्रीजयसिंहदेवविपन्ने ३० दिनानि पादुकाभ्यां राज्यं कृतं। मालवीयराजपुत्रेण चाहडकुमारेण राज्यं प्रधानपार्श्वे याचितं। प्रधानैस्तु परवंश्यत्वान्न दत्तं। ततो रुष्टा चाहड आनासेवकः संजातः। स भगदत्तवन्मात्रधुर्यः।

શ્રી જયસિંહદેવ મૃત્યુવશ થયા પછી (કુમારપાલ આવતા સુધી) ૩૦ દિન પાદુકાએ (પાવડીઓએ) રાજ્ય કર્યું. માલવદેશના રાજપુત્ર ચાહડ કુમારે (ગુજરાતનું) રાજ્ય પ્રધાનો પાસે માગ્યું. પણ પ્રધાનોએ તે પારકા વંશનો (અર્થાત્ પરમારવંશનો) હોવાથી આપ્યું નહિ. તેથી રોષ પામી ચાહડ (શાકંભરીના રાજા) આનાનો સેવક થયો. તે (મહાભારતના હસ્તિ યુદ્ધ પ્રવીણ) ભગદત્ત રાજાની તુલ્ય હસ્તિવિદ્યામાં પ્રવીણ હતો, ઇત્યાદિ. દ્વ્યાશ્રયકર્તા પણ ચાહડના હસ્તિશાસ્ત્રના જ્ઞાનને ઉલ્લેખે છે. એ ઉપરથી ગમ્ય થાય છે કે એ ચાહડ સિદ્ધરાજનો કોઈ સંબંધી અને પ્રીતિપાત્ર હશે †. અને તેથીજ તેણે ગુજરાતના રાજ્ય સારૂ પ્રયત્ન કરેલો, અને

† प्रभावक चरितમાં આનું નામ चारुभट લખ્યું છે. (જયસિંહસૂરિના कुमारपाल चरित માં અને જિનમંડનના कुमारपालप्रबन्धમાં चारभट મળે છે.) જે પ્રાકૃત ચાહડનું જ સંસ્કૃત રૂપ કરવામાં આવ્યું હશે આ નામ સામ્યથી પ્ર. ચિં. કાર ભ્રમમાં પડી चारुभटનું વૃત્ત ઉદયન પુત્ર ચાહડની સાથે જોડી દીધું લાગે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં જય ન મલવાથી તેણે કુમારપાલના વિરોધીનો આશ્રય લીધેલો. **એવું દુશ્ચરિત કોઇ પણ ઉદયન પુત્રમાં સંભવી શકતું નથી.** તેથી અત્ર પ્ર. ચિં. નો લેખ બે ભિન્ન ચાહડ એક માની લેવાના ભ્રમથી થયો છે. તત્ર વાહડને ' श्रीसिद्धराजस्य प्रतिपन्नपुत्रः ' લખે છે. તે ( Godson ) પદવી માલવીય રાજકુમાર ચાહડની સંભવી શકે.

ભિલસા કને ઉદયપુરના એક મંદિરના લેખમાં સં. ૧૨૨૨ માં ઠક્કુર ચાહડે રંગારિકા ( ભુક્તિ. District. )માં સાંગવાડ ગામનું અર્ધદાન કર્યાનું છે. તે પણ આજ રાજકુમાર ચાહડ સંભવી શકે, કે જેને પાછળથી કુમારપાલે નવીન જીતેલા માલવદેશનો કંઇક ભાગ મંડલીક બનાવી આપ્યો હોય.

મુદ્રિત પ્ર. ચિં. ( પૃ૦ ૨૪૦ ) માં વાગ્ભટ્ટના નાનાભાઈ વાહડને સેનાપતિ કરી સાંભર જીતવા મોકલ્યાનું અને તેણે બંબેરા ( ભંભેરી-પ્ર. ચ. ) નગર જીત્યું આદિ વૃત્ત છે. ત્યાં ' હિસ્ટ્રી ઓફ્ ગુજરાત 'માં ' ચાહડ ' અને ' બાબરા નગર ' એમ પાઠ છે, તેમાં દ્વિતીય અશુદ્ધ છે. પ્રથમ સંદિગ્ધ છે. ' હિસ્ટ્રી ઓફ્ ગુજરાત 'ના કર્તાએ વાગ્ભટ્ટ એજ વાહડ છે તેથી તથા च, व નો ભ્રમ થયો હશે એમ માની એ ચરિત ' ચાહડ 'નું લખ્યું છે. તેટલા અંશમાં એ શુદ્ધ ભાસે છે.

× × × × ×

આ ચાહડનું સવિસ્તર વૃત્ત ગુ. રાસમાલા ભા. ૧ પૃ૦ ૨૮૬-૨૮૭ ટિપ્પનમાં છે. ત્યાં જિજ્ઞાસુએ જોઇ લેવું.

---

' પ્રભાવક ચરિત્ર ' તથા ' કુમારપાલ પ્રબન્ધ 'માં તો એને જુદોજ લખવામાં આવ્યો છે. પ્ર. ચ. કાર એને સિદ્ધરાજનો પુત્રક ( સ્વીકૃત પુત્ર-પાલિત ) જણાવે છે.

तथा चारुभटः श्रीमत्सिद्धराजस्य पुत्रकः ।

આજ પ્રમાણે જયસિંહસૂરિનાં કુ. ચ. માં છે.

सिद्धेशधर्मपुत्रोऽथ भटश्चारभटो बली ।
चौलुक्याज्ञामवज्ञाय भेजेऽर्णोराजभूभुजम् ॥

-तृतीयसर्ग, श्लोक ५१९ ।

આના સંબંધમાં વિશેષ જાણવા માટે જુઓ પ્ર. ચ. શ્લો. ૫૪૬-૫૫૫.

—સંગ્રાહક.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ( ગિરનાર વાળા ) લેખને ( ઉપર લિખિત )... મહાકલના મંદિરનો નવો લેખ ઉદયનવંશ સંબંધમાં પૂર્ણ પુષ્ટિ આપે છે, અને પદ્મસિંહનો દેહાંત સં. ૧૩૦૫ પહેલાં થયાનું સૂચવે છે. કાંટેલાના લેખમાં સ્પષ્ટાક્ષરે ચાહડ પાઠ છે તેથી અત્ર મૂલમાં તેમજ હશે એમ અનુમાનાય છે.

( શ્લો. ૬ ) **પદ્મસિંહ**ના અત્ર ( કાંટેલા વાળા લેખમાં ) ત્રણ પુત્રો ગણાવ્યા છે. પરંતુ ગિરનાર ઉપર હાથીપગલે જવાના માર્ગ ઉપર ડાબી બાજુએ એક દક્ષિણાભિમુખ મંદિરમાં લેખ છે, તેમાં આ વંશનું વિસ્તારથી વર્ણન છે, તેમાં ચાર પુત્રો ગણાવ્યા છે. તેથી એ લેખ જેનો મૂલમાં સંવત્ નથી તે કાંટેલા લેખ સમય પછી એટલે સં. ૧૩૨૦ પછીનો હોવાનું અનુમાની શકાય. એ લેખ ઘણો ઘસાઈ ગયો છે. તેથી કેટલોક ઉપયોગી વૃત્તાંત નષ્ટ થયો છે. ( એનું ઇંગ્લિશ ભાષાંતર બહુ ભૂલ ભરેલું છે. ) એ લેખ ઉપરથી ઉદયન વંશ સંબંધમાં નીચે પ્રમાણે ગમ્ય થાય છે.

ચાહડ (?) ને સાત પુત્ર હતા-( ૧ ) કુમારસિંહ, જે કુમારપાલનો કોષ્ઠાગારાધિકારી ( કોઠારી ) હતો. ( ૨ ) જગતસિંહ ( ૩ ) પદ્મસિંહ ( ૪ ) જયંત ( ૫ ) પાતાક ( ૬ ) ધીણિગ ( ૭ ) (નામ અસ્પષ્ટ છે). પ્રસ્તુત લેખના ૮ માં શ્લોકમાં ( ૩ ) પદ્મસિંહને બિં ( બી ? ) દેવીથી ( ૧ ) મહણસિંહ ( ૨ ) સામંતસિંહ. ( મુદ્રિત લેખમાં સમરસિંહ છે. ) ( ૩ ) સલક્ષ અને ( ૪ ) તેજ એ ચાર પુત્ર અને સૂમલાદિ બે પુત્રી હતી એમ લખ્યું છે. અને બિં( બી ) દેવી એ પૃથિમદેવીને સ્થલે પાઠકનો ભ્રમ જણાય છે.

સલક્ષ ( પ્રા. સલખણ ) (કાંટેલા વાળા).... લેખથી જણાય છે કે શ્રીવીસલ દેવે પ્રથમ તેને સૌરાષ્ટ્ર ( કાઠિયાવાડનો મોટો ભાગ ) નો અધિકારી કર્યો હતો અને પછી લાટ ( ભરૂચ આદિ ) દેશનો અધિકારી બનાવ્યો હતો, જ્યાં તેનો દેહાંત થયો હતો. ( જે મહાકાલ લેખના એટલે સં, ૧૩૨૦ પૂર્વ થયેલો. ) સપ્તમ શ્લોકના ભાવ જોડે સરખાવો—કીર્તિકૌમુદી. ૪-૧૯

स्वामिना सत्प्रसादेन पाणिर्यद्यपि मुद्रितः ।

( આ ગિરનારવાળા )..... સં. ૧૩૦૫ ના લેખમાં સલખણસિંહને મહામાત્ય લખ્યો છે. ને... ( કાંટેલાના ) સં. ૧૩૨૦ ના લેખમાં સુરાષ્ટ્રાધિકારી લખ્યો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, એ કંઈક વિરોધ યુક્ત લાગે છે. ¶ સં. ૧૨૯૭–૮ માં નાગર બ્રાહ્મણ નાગડ મહામાત્ય હતો અને સં. ૧૩૨૦ માં માલદેવ હતો. મધ્યમાં બીજાઓ અમાત્ય થયા હશે પણ તે અજી જ્ઞાત થયા નથી. ”

* * *

ઉપર જે ગિરનાર પર્વત ઉપર હાથી પગલે જવાના માર્ગવાળા લેખનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે લેખ, ગિરનારના લેખોવાળા ઉક્ત પુસ્તકમાં આપેલો છે, પરંતુ તે બહુજ ખંડિત અને અશુદ્ધ હોવાથી મ્હેં આ સંગ્રહમાં લીધો નથી. પરંતુ, ઉદયનના વંશ સંબંધી વૃત્ત જાણવાની ઇચ્છાવાળાને તે કેટલીક રીતે ઉપયોગી અવશ્ય થઈ પડે છે. તેથી તે મૂલ માત્ર જેવી રીતે એ પુસ્તકમાં આવેલો છે તેજ પ્રમાણે અત્ર આપવામાં આવે છે.

.......प्रभो मानं बभा

........प्रसमदुपलब्धपरि

.......[श्री] मालवंशमणिरुज्ज्वलकीर्ति

........प्रभुरजायतावस्योदयन इत्यर्द्धिसं

.......कुहडनामधेयः ॥ श्रेयःपदं मंत्रिविभुर्बभूव

........उक्ता सधर्मिणी निर्मलधर्मयुक्ता ॥४॥ त-

योः सप्तां....मदोद्गमाः ॥ अजायत सुताः सप्त गोत्रोद्धारकुलाचलाः ॥५॥

पाल कुमारक्ष्मापालकोष्ठागाराधिकारवान् ॥ कुमारसिंहः प्रथमोप्यु-

त्तमः पुरुषः सतां ॥६॥ जगत्सिंहोथ रम्यस्तु पद्मसिंहः श्रियः पदं ॥ ततो जयंत-

पाताकौ धीणिग—मिमप्रते ॥ ७ ॥ युग्मं ॥ श्रीपद्मसिंहदयिता [बिं] बीदेवी तनू-

¶ મ્હારા વિચાર પ્રમાણે એમાં વિરોધ જેવું કશું નથી. પ્રાચીન વૃત્તો અને લેખો ઉપરથી જણાય છે કે તેવખતે ‘ મહામાત્ય ’ યા ‘મંત્રી ’ શબ્દનો વ્યવહાર, આજે જેને ‘ દીવાન પદ ’ કહેવામાં આવે છે, એકલા તેજ અર્થમાં કાંઈ ન હોતો થતો પરંતુ કેટલીક વખતે જેઓ અમુક પ્રાંત યા દેશના અધિકારી ( ગવર્નર–સુબા ) કહેવાતા તેમના માટે પણ એ શબ્દોનો વ્યવહાર થતો હતો.—સંગ્રાહક.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रुहांश्चतुरः ॥ श्रीमहणसिंह समरसिंह—सल्लक्षतेजाख्यान् ॥ ८ ॥ अथ सूमलाम-

नुपमांमहितेवबुधे दिवे प्रसुवे—यः ॥ जयंतकाकृति नगानधूतभी-

तां च सीतोदां ॥९॥ युग्मं ॥ सामतसिंह.......विधू इव अध्यक्षौ सर्वे

देशेषु मुहुर्जातौ ॥ १० ॥...........अणहिलपुरस्थलालाक-

विहितजने...............॥ ११ ॥ षटपद्रके चव-

मभू परिमालि कामुकारसंसार-

सिंधुतरीः ॥ १२ ॥ शत्रुंजयगिरौ

देवकुलिकांजलिः ॥ भवाधिवारिधिकि-

लीका या संलपंतः श्रिया जयंति जन.......

जयंति तेजल्लदे भिधेयश्रीविल्ह.......

किंवुणमंत्री शांतनः ॥ सु....

चरन्यद्ययमुं वशं न्यान्या य........

नः ॥ अनुवि तनकेपा........

नेगफणमंडपः विभूषितः ॥ १८ ॥ वर्द्धमा-

नपुरे येन वा मनाथवाथ खत्तकं ॥ १९ ॥

पुरे च पेथलापा सद्रलानामजामेः श्री-

वीरखत्तकं ॥ २० ॥ नेमिवेश्मंत ॥ मंडपश्रे-

यसे झाड-प्रधि देवकुलिकाद्वारि हारि च

महातीर्थेऽथ तीर्थ-लिंगं मे देवकुलिकाकलिता-

द्भुता ॥ २३ ॥ तत्रादिबंधोः पुण्या-

य सवनस्यादितीर्थकृत् ॥ जन.......क......किःश्रीवीरश्च विनि-

र्ममे ॥ २४ ॥......जयानंदसूरिपट्टप्रतिष्ठितैः । व्यधि-

यंत प्रतिष्ठा च श्रीम-दनसूरिभिः ॥ २५ ॥ वृहद्गणोद्गतपि-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ष्पलशाखायां श्रीधनेश्वरविनेयः यसिंहसूरिः प्र-
शस्तिमेतामिति व्यतनोत् ॥ २६ ॥ ऊर्झसिनिप्रभाः ॥ संवदा-
स्तामशौ शस्ता प्रशस्तिः स्व स्छि ठ० हरिपालेन मालेयमु-
त्कीर्णेति ॥

[ આ ઉપરથી જણાશે કે ઉદયનના વંશ માટે આ પ્રશસ્તિ બહુજ મહત્ત્વની છે પરંતુ કમ નસીબે એનો અધિકાંશ ભાગ નષ્ટ ભ્રષ્ટ થઇ ગયેલો છે; તેથી એમાંથી સ્પષ્ટ હકીકત કાંઈ પણ જણાતી નથી. છુટા છુટા નામો ઉપરથી સમજાય છે કે, શત્રુંજય અને વર્દ્ધમાનપુર ( વઢવાણ ) આદિ અનેક સ્થળે આ પ્રશસ્તિ વર્ણિત વ્યક્તિઓએ જે મંદિરો, દેવકુલિકા, મંડપ અને ખત્તકો આદિ બનાવ્યાં તેની આમાં નોંધ આપેલી છે. ઘણું કરીને આ તે મંદિર સંબંધી પ્રશસ્તિ હોવી જોઇએ, જેનો ઉલ્લેખ, કાંટેલા વાળા લેખના ૧૦ માં શ્લોકમાં કરવામાં આવ્યો છે. ]

( ૫૪ )

નેમિનાથના મંદિરના ઉત્તરદ્વાર તરફ બે સ્થંભો છે તે બંને ઉપર લેખો કોતરેલા છે. તેમાંના જમણી બાજુ ઉપરના સ્થંભ ઉપર આ નં. ૫૪ નો લેખ આવેલો છે.

મિતિ સં૦ ૧૩૩૩ વર્ષના જ્યેષ્ટ વદિ ૧૪ ભૌમ (મંગલ) વાર. શ્રીજિનપ્રબોધસૂરિ ગુરૂના ઉપદેશથી ઉચ્ચાપુરી નિવાસી શ્રેષ્ટી આસપાલના પુત્ર શ્રેષ્ઠી હરિલાલે પોતાના તથા પોતાની માતા હરિલાના શ્રેયાર્થે ઉજ્જયંત ( ગિરનાર ) મહાતીર્થ ઉપર શ્રીનેમિનાથદેવની નિત્ય પૂજા સારૂ ૨૦૦ દ્રમ્મ ( એક પ્રકારના બસો સિક્કા ) આપ્યા. એમના વ્યાજમાંથી નિત્યપ્રતિ ૨૦૦૦ ( બે હજાર ) પુલો, દેવકીય બગીચામાંથી લઇ...........પૂજા કરવી.

આ લેખમાં જણાવેલા જિનપ્રબોધસૂરિ તે ખરતરગચ્છની પટ્ટાવલીમાં ૪૮ નંબરે લખેલા જિનપ્રબોધસૂરિ છે. તેમના પિતાનું નામ સાહ શ્રીચંદ અને માતાનું સિરિયાદેવી હતું. વિક્રમ સંવત્ ૧૨૮૫ માં તેમનો જન્મ થયો હતો અને પર્વત એવું નામ આપવામાં આવ્યું હતું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સં. ૧૨૯૬ માં, ફાલ્ગુણ વદિ ૫ અને હસ્ત નક્ષત્રમાં, થિરાપદ્ર (હાલનું થરાદ, જે પાલણપુર એજન્સીમાં આવેલું છે ) નામના ગામમાં દીક્ષા લીધી હતી. તે વખતે તેમના ગુરૂએ પ્રબોધમૂર્તિ એવું નવું નામ આપ્યું. પછી વિદ્યાભ્યાસ કરી યોગ્ય ઉમરે પહોંચ્યાથી વાચકપદ મેળવ્યું અને અંતે સં. ૧૩૩૧ ના આશ્વીન વદિ પંચમીના દિવસે સૂરિપદ પ્રાપ્ત કર્યું. તેજ સાલના ફાગુણ માસની વદ ૮ ના દિવસે જાલોર ( મારવાડ ) માં ગચ્છાનુજ્ઞાનો પદમહોત્સવ થયો જેમાં માલુગોત્રીય સાહુ ખીમસીંહે ૨૫ હજાર રૂપિઆ ખર્ચ કર્યા હતા. વિ. સં. ૧૩૪૧ માં તેમનો સ્વર્ગવાસ થયો હતો. ( खरतरपट्टावलि—क्षमाकल्याणक। )

( ૫૫–૫૬ )

જે સ્થંભ ઉપર, ઉપરનો લેખ આવેલો છે તેનીજ સામે આવેલા બીજા સ્થંભ ઉપર નં. ૫૫ અને ૫૬ ના લેખો કોતરેલા છે.

નં. ૫૫ નો લેખ અપૂર્ણ અને ખંડિત છે. અવશિષ્ટ ભાગમાં જણાવેલું છે કે—સં. ૧૩૩૫ ના વૈશાખ સુદિ ૮ ગુરૂવાર ના દિવસે, શ્રી ઉજ્જયંત મહાતીર્થ ઉપર..................શ્રીનેમિનાથની પૂજા માટે ધવલકક્ક ( ધોળકા ) નિવાસી શ્રીમાલજ્ઞાતિના, સં. વીલ્હણ........

નં. ૫૬ માં ઉલ્લેખ છે કે– સં. ૧૩૩૯ ના જ્યેષ્ટ સુદિ ૮ બુધવારના દિવસે, શ્રીઉજ્જયંત મહાતીર્થ ઉપર, શ્રયવાણા નિવાસી પ્રાગ્વાટજ્ઞાતિના મહં૦ જિસધરના પુત્ર મહં૦ પૂનસિંહની ભાર્યા ગુનસિરિનાં કલ્યાણ માટે ૩૦૦ (ત્રણસો) દ્રમ્મ નેચકે ( દેવપૂજા માટે ? ) આપ્યા. આથી ( આના વ્યાજમાંથી ) પ્રતિદિવસ ૩૦૫૦ ( ત્રણ હજાર અને પચાસ ) ફુલો લઈ દેવની પૂજા કરવી.

( ૫૭ )

આ લેખ ક્યાં આગળ આવેલો છે તે જણાયું નથી. " સં૦ ૧૩૫૬ ના જ્યેષ્ઠ સુદિ ૧૫ ને શુક્રવારના દિવસે, શ્રી પલ્લીવાલ જ્ઞાતિના શ્રેષ્ઠિ પાસૂના પુત્ર સાહુ પદમની ભાર્યા તેજલાદે...............કુલગુરૂ શ્રીસ્મનિ ( ? ) મુનિના ઉપદેશથી મુનિસુવ્રતસ્વામિબિંબ, દેવકુલિકા, પિતામહના શ્રેયાર્થે..........." માત્ર આટલી હકીકત મળે છે.

૧૩



Jain Education International      For Private & Personal Use Only      www.jainelibrary.org

( ૫૮ )

મી. નરસિંહપ્રસાદ હરિપ્રસાદની લાઇબ્રેરીમાં એક સુંદર કોતરેલી આરસપહાણની શિલા પડી છે તેના ઉપર નં. ૫૮ નો લેખ કોતરેલો છે. લેખ અપૂર્ણ છે. ફક્ત " સં. ૧૩૭૦ ના વૈશાખ સુદિ ૨ ગુરૂવારના દિવસે લીલાદેવીના પુણ્ય માટે શ્રી આદિનાથબિંબ, થિરપાલે..........." આટલી હકીકત ઉપલબ્ધ છે.

( ૫૯ )

નેમિનાથના મુખ્ય મંદિરના દક્ષિણ દ્વાર પાસે, કોટની પશ્ચિમ બાજુના ન્હાના મંદિરમાં એક ભાંગેલો સ્થંભ છે અને તેના ઉપર બે પ્રતિમાઓ કાઢેલી છે જેમની બરાબર નીચે આ નં. ૫૯ નો લેખ કોતરેલો છે.

મિતિ સંવત્ ૧૪૮૫ ના કાર્તિક સુદી પંચમી બુધવાર. શ્રીગિરનાર મહાતીર્થ ઉપર ઠા. ષેતસિંહનું નિર્વાણ થયું ( મૃત્યુ પામ્યો ). મંત્રિદલિય ( પ ? ) વંશમાં, શ્રીમાન્ સુનામડગોત્રમાં, મરૂતીયાણા ( વાસી ? ) ઠ. જહા પુત્ર ઠ. લાષૂ તેનો પુત્ર ઠ. કદ્દૂ........તેના વંશમાં વીસલ, તેનો પુત્ર ઠ. સુરા, તેનો પુત્ર ઠ. માથૂ, ઠ. ભીમસિંહ, ઠ. માલા. ઠ. ભીમસિંહની ભાર્યા ઠ. ભીમા, પુત્રી બાઈ મોહણની કુક્ષિથી ઉત્પન્ન થયેલો ઠ. ષેતાસિંહ તેની ભાર્યા બાઇ ચંદાગહ, શ્રીનેમિનાથના ચરણને પ્રણામ કરે છે.

( ૬૦ )

એજ મંદિરની પૂર્વ બાજુની દિવાલ ઉપર નં. ૬૦ નો લેખ કોતરેલો છે.

મિતિ સં. ૧૪૯૬ ના આષાઢ સુદી ૧૩ ગુરૂવાર. જંઝણપુરવાસી મહતીઆણી, ખરતરગચ્છ, નન્હડ ગોત્ર, સાહ ચાઢુણના વંશમાં સાહ ગુણરાજ પુત્ર સાહ જાજા, વીરમ, દેવાપુત્ર માણકચંદ, ભ્રાતા સંઘવી રાઈમલે શ્રીગિરનારે યાત્રા કરી શ્રીનેમિનાથની...........

( ૬૧ )

હાથીપગલાની પાસે આ નંબર ૬૧ નો લેખ આવેલો છે. " સં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૬૮૩ ના કાર્તિક વદિ ૬ સોમવારના દિવસે, ગિરનાર તીર્થની પૂર્વની જે ( જીર્ણ ) પાજ હતી તેનો ફરીથી, દીવ ( બંદર )ના સંઘે.... શ્રીમાલીજ્ઞાતિના સંઘવી મેઘજીના પ્રયત્નથી ઉદ્ધાર કરાવ્યો. ”

( ૬૨ )

નંબર ૫૨ નો લેખ જ્યાં આગળ આવેલો છે ત્યાંજ આ નં. ૬૨ નો લેખ પણ આવેલો છે. આ લેખ બહુ જુનો છે. અર્થાત્ સિદ્ધરાજ જયસિંહ દેવના સમયનો છે. કેમકે આની અંદર તેનું નામ છે. પરંતુ લેખ એટલો બધો ત્રુટિત થઇ ગયો છે કે એમાનો કાંઈ પણ સંબંધ સ્પષ્ટ રીતે જણાતો નથી. ફક્ત સંગ્રહી રાખવા માટે જ આને સ્થાન આપવામાં આવ્યું છે.

( ૬૩ )

નંબર ૫૯ ના લેખવાળા સ્થાનમાં આ નં. ૬૩ વાળો લેખ પણ રહેલો છે. આ લેખ પણ ઉપરના લેખ જેવોજ અપૂર્ણ છે. પત્થરનો અર્ધો ભાગ તૂટી ગયેલો હોવાથી અર્ધો લેખ જતો રહ્યો છે. અવશિષ્ટ ભાગમાં આ પ્રમાણે ઉલ્લેખ છે—સ્વસ્તિ શ્રી ધૃતિ........નમસ્કાર શ્રીનેમિનાથને........વર્ષના ફાલ્ગુણ સુદી ૫ ગુરૂવારે........તિલક મહારાજ શ્રી મહાપાલ....વયરસિંહ ભાર્યા ફાઉ, પુત્ર સા............સુત સા૦ સાઈઆ સા૦ મેલા. મેલા........સુતા રૂડી ગાંગી આદિએ....નાથનો પ્રાસાદ કરાવ્યો. પ્રતિષ્ઠા કરનાર........સૂરિના પટ્ટધર શ્રીમુનિસિંહ............

આટલા લેખો ગિરનાર પર્વતના પ્રકાશમાં આવ્યા છે. આ સિવાય બીજા પણ ન્હાના મ્હોટા લેખો હજી ત્યાં હશે, પરંતુ, તે પ્રકટ થયા નથી. ડૉ.. બર્જેસના રીપોર્ટમાં, સિદ્ધરાજના સમયના—કે જ્યારે નેમિનાથના મુખ્ય મંદિરનો ઉદ્ધાર થયો હતો—લેખોનું સૂચન છે. તે લેખો ખાસ લેવા અને તપાસવા લાયક છે. શત્રુંજયની માફક ગિરનારમાં પણ પ્રાચીન લેખોની સ્થિતિ બહુજ થોડી રહી છે. તેમજ કેટલીક મ્હોટી પ્રશસ્તિઓ, કે જે મધ્યકાલમાં બનેલા મંદિરો વિષયની હતી, તે નષ્ટભ્રષ્ટ થઇ ગયેલી છે, એમ બીજા ઉલ્લેખો ઉપરથી જણાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગઢના દરવાજાથી જરાક આગળ જતાં, મુખ્ય રસ્તાની ડાબી બાજુ ઉપર, નેમિનાથના મ્હોટા મંદિરના પ્રથમ દ્વાર સમીપની દિવાલ ઉપર એક મ્હોટો શિલા લેખ લાગેલો છે, કે જેમાં ૨૪ પંક્તિઓ કોતરેલી છે. આ લેખ સૌરાષ્ટ્રના ચૂડાસમા રાજપૂતોના ઇતિહાસ ઉપર કેટલોક સારો પ્રકાશ પાડે છે. આ લેખની નકલ, જે પુસ્તકમાંથી ઉપરના બધા લેખો લેવામાં આવ્યા છે તેમાં તથા ડૉ. બર્જેસના ઉક્ત રીપોર્ટમાં પ્રકટ થયેલી છે. પ્રથમ રોયલ એસીયાટિક સોસાયટીના ચોપાનીઆમાં પણ એ પ્રકટ થઇ ચૂકયો છે. પરંતુ આ લેખ બહુજ અપૂર્ણ છે, એમ જોનારને તુરતજ જણાઈ આવે છે. કારણ કે, આમાં ફક્ત એકલો આરંભનો 'રાજવંશ વર્ણન' જેટલોજ ભાગ ઉપલબ્ધ છે. આ લેખ કયાંનો અને કોની પ્રશસ્તિ રૂપે છે, તે, એ ઉપલબ્ધ ભાગ ઉપરથી બિલ્કુલ જણાતું નથી. ઉપલબ્ધ ભાગમાં જે વિસ્તૃતરૂપે ' રાજવંશ વર્ણન ' કરવામાં આવ્યું છે તે ઉપરથી સહજે જણાઈ આવે છે, કે એ લેખ બહુજ મ્હોટો હોવો જોઇએ. અને વાસ્તવિકમાં છે પણ એમજ. આ લેખનો કેટલોક ભાગ મ્હને અન્યત્ર પ્રાપ્ત થયો છે તે ઉપરથી કહી શકાય છે કે એ શિલાખંડ, આખા લેખના અર્ધા ભાગ કરતાં પણ ન્યૂન છે. ૧૫ માં સૈકાની અંતમાં, ખંભાતમાં શાણરાજ નામનો એક મહાન્ ધનિક અને પ્રભાવક શ્રાવક થઇ ગયો. તેણે ગિરનાર ઉપર વિપુલ દ્રવ્ય ખર્ચી, વિમલનાથ પ્રસાદ નામનો એક મહાન્ મંદિર બનાવ્યો હતો. તેનીજ પ્રશસ્તિરૂપે આ લેખ કોતરવામાં અવ્યો છે. પરંતુ પાછળથી આ સંપૂર્ણ લેખ, કોઈ કારણથી, મૂળસ્થાનથી ભ્રષ્ટ થઈ એના બીજા શિલાખંડો અસ્તોવ્યસ્ત થયા અને ફકત આટલોજ ભાગ બચવા પામ્યો છે. આ લેખને વિસ્તૃત વિવેચન સાથે એક સ્વતંત્ર જુદા પુસ્તક રૂપે હું પ્રગટ કરવા વિચાર રાખું * છું, તેથી, અત્ર સ્થાન આપવામાં આવ્યું નથી.

---

* કદાચ, આ પુસ્તક પ્રકટ થતાં પહેલાંજ એ લેખ જુદા પુસ્તક રૂપે પ્રકટ થઇ જશે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org